મહેસાણા, અમદાવાદ, ગાંધીનગર, સુરત, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લીમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર નિષ્પક્ષ અખબાર

G T NEWS ગરવી તાકાત LIVE

સત્ય એના પૂર્ણ સ્વરૂપમાં...

# ગરવી તાકાત

GARVI TAKAT DAILY દૈનિક

૦૬-૦૨-૨૦૨૫
ગુરૂવાર

વર્ષ : ૧૦ ★ અંક નં : ૩૦૫
પેજ : ૪ ★ વિક્રમ સંવત : ૨૦૮૧

તંત્રી : પ્રકાશ આર.ચૌધરી

ગરવી તાકાત
હવે આંગણીના ટેરવે
તમારા ગામ કે શહેરના સમાચાર વાંચો એક આંગણીના ટેરવે
પ્લે સ્ટોરમાંથી ડાઉનલોડ કરો અને મેળવો તમારા ગામના કે શહેરના લેટેસ્ટ સમાચાર તથા ઈ-પેપર તમારા મોબાઈલમાં
Garvi Takat app

કાર્યાલય : ૯,અંબિકા કોમ્પ્લેક્ષ, ટી.બી. રોડ, ભમરિયાનાળા પાસે, મહેસાણા-૨ ● ફોન : ૦૨૭૬૨ ૨૪૨૨૦૧ ● મો : ૯૨૨૭૧ ૧૩૫૫૫ ● કિંમત રૂા.૩-૦૦ ● Email : garvitakat1511@gmail.com ● www : garvitakat.com •• RNI No. GUJGUJ/2015/61367

### સ્થાનિક ચૂંટણીમાં આજથી પ્રચાર વેગ પકડશે : તા.૧૬ના રોજ મતદાન પૂર્વે ભાજપે ૨૦૦થી વધુ બેઠકો બીનહરિફ મેળવી લીધી છે

# ૨૦૦થી વધુ બેઠકો બિનહરિફ જીત્યા બાદ ભાજપા ક્લીન સ્વીપના મોડમાં : અનેક મોટા માથામાં ભાજપના સ્ટાર પ્રચારક યાદીમાં નથી


**ભાજપના સ્ટાર પ્રચારકોમાં મુખ્યમંત્રી ઉપરાંત પ્રદેશ પ્રમુખ સી.આર. પાટિલ, પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલનો સમાવેશ: હાલમાં જ વિવાદમાં ચમકેલા પ્રશાંત કોરાટને પણ સ્થાન: રાજકોટમાંથી ઉદય કાનગડ પણ યાદીમાં : કોંગ્રેસ દ્વારા પ્રચારની જવાબદારી શક્તિસિંહ અને તેની ટીમને સોંપાઇ: અગાઉ જ અનેક બેઠકો ભાજપને ધરી દેનાર કોંગ્રેસ માટે ગ્રામીણ સહિતના વિસ્તારોમાં અસ્તિત્વ બચાવવાનો જંગ**

(ગરવી તાકાત) મહેસાણા તા.૫

ગુજરાતમાં યોજાઇ રહેલી સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમાં હવે ઉમેદવારો પરત ખેંચવાનો તબકકો સંપન્ન થતાં આગામી દિવસોમાં પ્રચાર વેગ પકડશે. તા.૧૬ના રોજ મતદાન પૂર્વે ભાજપે ૨૦૦થી વધુ બેઠકો બીનહરિફ મેળવી લીધી છે. પરંતુ ક્લીન સ્વીપ કરવા માટે આગળ વધી રહેલા ભાજપે આજે તેના સ્ટાર પ્રચારકોની યાદી જાહેર કરી છે.

જેમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, પ્રદેશ ભાજપ પ્રમુખ અને કેન્દ્રીય મંત્રી સી.આર. પાટીલ, પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ, કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવીયા, રાજકોટના સાંસદ પરસોતમ રુપાલા, મહામંત્રી રત્નાકર, પ્રદેશ અગ્રણી ગોરધન ઝડફીયા તેમજ પ્રદેશ મહામંત્રી રજની પટેલ અને વિનોદ ચાવડાને ખાસ જવાબદારી સોંપાઈ છે.

આ ઉપરાંત ભાજપે સ્ટાર પ્રચારકે પૂર્વ કેબીનેટ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાનો પણ સમાવેશ કર્યો છે. જ્યારે કેબીનેટ મંત્રી બળવંતસિંહ રાજપૂતને પણ સ્થાન મળ્યું છે. જ્યારે સૌ પ્રથમ વખત સ્થાનિક ચુંટણીમાં પ્રદેશ ભાજપ યુવા મોરચાના અધ્યક્ષ પ્રશાંત કોરાટનો પણ સમાવેશ કરાયો છે. જ્યારે હાલમાં જેતપુરમાં વિવાદ સર્જાયો હતો તેના કેન્દ્રમાં રહેલા પૂર્વ કેબીનેટ મંત્રી અને જેતપુર-




**સૌ પ્રથમ વખત સ્થાનિક ચુંટણીમાં પ્રદેશ ભાજપ યુવા મોરચાના અધ્યક્ષ પ્રશાંત કોરાટનો પણ સમાવેશ કરાયો છે. જ્યારે હાલમાં જેતપુરમાં વિવાદ સર્જાયો હતો તેના કેન્દ્રમાં રહેલા પૂર્વ કેબીનેટ મંત્રી અને જેતપુર-જામકંડોરણાના ધારાસભ્ય જયેશ રાદડીયાનું નામ ગાયબ છે.**

જામકંડોરણાના ધારાસભ્ય જયેશ રાદડીયાનું નામ ગાયબ છે.

જ્યારે પૂર્વ ધારાસભ્ય બ્રીજેશ મેરજા, રાજકોટના વર્તમાન ધારાસભ્ય ઉદય કાનગડ, ભાજપ મહિલા મોરચાના અધ્યક્ષ દિપીકાબેન સરાવડા, મહિલા મોરચાના અગ્રણી સીમાબેન મોહીલે તેમજ પક્ષના ધારાસભ્ય લવીંગજી ઠાકોર અને શબ્દશરણ તડવીનો પણ સમાવેશ થયો છે અને બીજી તરફ કોંગ્રેસએ તેના ૨૦ સ્ટાર પ્રચારકોની યાદી જાહેર કરી છે.

જેમાં પ્રદેશ પ્રમુખ શક્તિસિંહ ગોહિલ, પ્રદેશ પ્રભારી મુકુલ વાસનીક, ધારાસભ્ય અમિત ચાવડા, પૂર્વ ધારાસભ્ય જગદીશ ઠાકોર, ભરતસિંહ સોલંકી, સિધ્ધાર્થ પટેલ, શૈલેષ પરમાર, સુખરામ રાઠવા, પરેશ ધાનાણી, વર્તમાન ધારાસભ્ય જીજ્ઞેશ મેવાણી ઉપરાંત તુષાર ચૌધરી અને કેન્દ્રીય પ્રભારી રામકિસન ઓઝા, ઉષા નાયડુ, સુહાસીની યાદવ અને ભુપેન્દ્ર મારવી, લાલજીભાઈ દેસાઈ, અમીબેન યાજ્ઞિક, ઈન્દ્રવિજયસિંહ ગોહિલ, યાસુદીન શેખ અને પૂંજાભાઈ વંશનો સમાવેશ કરાયો હતો.

---

### પોલીસે ઝડપાયેલ ઈસમ પાસેથી ૧.૧૨ લાખનો મુદામાલ કબજે લીધો

## મહેસાણા એ ડિવિઝન પોલીસે શોભાસણ રોડ પરથી બે રિક્ષાની ચોરી કરનાર ઝડપી પાડ્યો

(ગરવી તાકાત) મહેસાણા તા.૫

મહેસાણા એ ડિવિઝન પોલીસે સોભાસણ રોડ પરથી એક શંકાસ્પદ વ્યક્તિને ચોરીની CNG રિક્ષા સાથે ઝડપી પાડ્યો છે. પોલીસ પેટ્રોલિંગ દરમિયાન મળેલી બાતમીના આધારે આરોપી મહેબુબખાન આદમખાન હુસેનખાન પઠાણ (ઉ.વ.૩૬, રહે. સુરત)ને પકડી પાડ્યો હતો.

આરોપી પાસેથી GJ-02-YY-૫૮૮૯ નંબરની CNG રિક્ષા મળી આવી હતી, જે મહેસાણા નવી કોર્ટ સામેથી ચોરાયેલી હતી. રિક્ષાની કિંમત રૂ.૬૦,૦૦૦ છે.

આરોપીની અંગઝડતી દરમિયાન તેની પાસેથી રૂ.૨,૦૦૦ની કિંમતનો રેડમી નોટ-૫ પ્રો મોબાઈલ ફોન પણ મળ્યો હતો.

પૂછપરછ દરમિયાન આરોપીએ ત્રણ મહિના પહેલા મહેસાણા સિવિલ હોસ્પિટલના કમ્પાઉન્ડમાંથી બીજી એક CNG રિક્ષા (નં. GJ-02-YY-6421)ની ચોરી કરી હોવાની કબ?લાત કરી હતી. આ રિક્ષા અમદાવાદના રાયપુર વિસ્તારમાં મૂકી રાખી હતી, જે રૂ.૫૦,૦૦૦ની કિંમતની છે. પોલીસે આ રિક્ષા તેના મૂળ માલિક કાંતિલાલ ખોડીદાસ બજાણીયા (રહે. કાંસા, તા.વિસનગર)ને પરત કરી છે. પોલીસે કુલ રૂ.૧.૧૨ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે અને આરોપીની ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ની કલમ ૩૫(૧)(ઈ) મુજબ ધરપકડ કરી છે.




### ભાજપ ૮ બેઠકો ઉપર બિનહરીફ વિજેતા જાહેર થયો હતો

## વડનગર પાલિકાની ચૂંટણીમાં ૫૦ ઉમેદવારો વચ્ચે ચૂંટણી જંગ ખેલાશે



(ગરવી તાકાત) મહેસાણા તા.૫

વડનગર પાલિકામાં ફોર્મ ખેંચવાના છેલ્લા દિવસે મંગળવારે મામલતદાર કચેરીમાં ઉત્તેજનાસભર માહોલ વચ્ચે વધુ ત્રણ ફોર્મ પરત ખેંચાયા હતા. જેમાં વોર્ડ નંબર ૧ના બે મહિલા ઉમેદવાર અને વોર્ડ નંબર ૨ના અપક્ષ ઉમેદવારેફોર્મ પરત ખેંચતાં ભાજપ વધુ બે બેઠકો સાથે ૮ બેઠકો પર બિનહરીફ વિજેતા જાહેર થયો હતો. હવે ૫૦ ઉમેદવારો વચ્ચે ચૂંટણી જંગ ખેલાશે.

વોર્ડ ૧માં કોંગ્રેસના સુરેખાબેન શૈલેષભાઈ વાઘેલા અને કાજલબેન નિલેષભાઈ રાવળે ફોર્મપરત ખેંચ્યું હતું. આથી આ વોર્ડમાં ચાર પુરુષ ઉમેદવારો વચ્ચે જંગ ખેલાશે. તો વોર્ડ ૨ના અપક્ષ ઉમેદવાર ભરતજી ઠાકોરે પણ ફોર્મ પરત ખેંચતાં આ વોર્ડમાં ચાર ઉમેદવારો વચ્ચે ચૂંટણી જંગ જામશે.

અગાઉ આ બેઠક પરથી બે મહિલા ઉમેદવાર બિનહરીફ થઈ હતી. જ્યારે મોલીપુર તા.પં.ની પેટાચૂંટણીમાં કોંગ્રેસના ઉમેદવાર મન્સુરઅલી ગુલામઅલી સુથારે ફોર્મ પરત ખેંચતાં અપક્ષ અને ભાજપના ઉમેદવાર વચ્ચે ચૂંટણી લડાશે.

### કોંગ્રેસના અગ્રણી અને જનમંચના પ્રમુખ પાર્થ રાવલે મનપા કમિશ્નરને રજુઆત કરી

## મહેસાણા પિલાજી ગંજ વિસ્તારમાં બંધ પડેલી સીટી બસ હટાવી તેની જગ્યાએ પાર્કિંગની વ્યવસ્થા કરવા રજૂઆત





(ગરવી તાકાત) મહેસાણા તા.૫

મહેસાણા કોંગી અગ્રણી તથા જનમંચ પ્રમુખ પાર્થ રાવલ એ મનપા કમિશ્નરને પત્ર લખી નિવેદન કર્યું કે રાધનપુર રોડ કરતા પણ મહેસાણાના હાર્દ સમા તોરણવાળી માતા ચોક જે મહેસાણાનુ મેઈન બજાર છે ત્યા પાર્કીંગની વ્યવસ્થા નથી અને મેઈન બજાર હોવાને લીધે પબ્લીકની ખુબ અવર જવર રહે છે જેના લીધે પ્રજાને ખુબ તકલીફ પડે છે. સામે પિલાજીગંજ મનપાના રોડ પર આવેલ પ્રાઈવેટ કંપનીની માલિકી ની બંધ પડેલ બિસ્માર હાલતની બસોનુ દબાણ પડી રહ્યુ છે.

જેના લીધે ટ્રાફિક જામ ની સમસ્યા તથા ગંદગી થાય છે જો આ ભંગાર અહીંયા થી હટાવી લેવામા આવે તો બજાર મા આવતી પ્રજા ત્યા પોતાના વ્હીકલો પાર્ક કરી સકે અને રોડ પણ ખુલ્લો થાય તો ગંદગી પણ ના થાય.

કોંગી અગ્રણી પાર્થ રાવલ એ મનપા કમિશ્નર ને પત્ર લખી આ દબાણો હટાવી લેવા માંગ કરી હતી જેનાથી રોડ ખુલ્લો થાય તો પ્રજાની પાર્કીંગની સમસ્યા બજારમા થતા ટ્રાફિકની સમસ્યા અને ગંદગીની સમસ્યા દુર થાય એવો સુજાવ આપતો પત્ર લખી રજુઆત કરવામા આવી છે.

**વેચવાની છે**

**ઈન્ડસઈન્ડ બેંક દ્વારા નીચે જણાવેલ કબજો લીધેલ ફોર વ્હીલર વાહન વેચવાનું છે**

ASHOK LEYLAND
DOST STRONG
MODEL 2019
GJ 02-ZZ 3514
ENGINE NUMBER :
GKHO22612P
CHASSIS NUMBER:
MB1AA22E6KRG59488

**સંપર્ક : હરિકૃષ્ણ ચાવડા**
**7043332387**

### ડંકી રૂટથી અમેરિકા ગયેલા ભારતીયો સહિત ગુજરાતીઓ વતન પરત ફર્યા છે

## અમેરિકાએ ડિપોર્ટ કરેલા ગુજરાતીઓ માટે નીતિન પટેલે કરી અપીલ : તે આપણા ભાઈ-બહેનો છે

(ગરવી તાકાત) મહેસાણા તા.૫

અમેરિકામાં ડોનાલ્ડ ટ્રમ્પે સત્તા સંભાળતા જ ગેરકાયદે ઘુસીને વતવાટ કરતા ૨૦૦થી વધુ ભારતીયોને તેમના દેશમાંથી હાંકી કાઢ્યા છે. ત્યારે આ લિસ્ટમાં ગુજરાતીઓ પણ સામેલ છે, કે જેમનું અમેરિકામાં રહેવાનું સપનું અધુરું જ રહી ગયુ છે. રૂપિયાની સામે ડોલરની ચમક જોઈને અમેરિકામાં ઘુસેલા ૩૭થી વધુ લોકો હવે પોલીસ કાર્યવાહીમાં ધક્કા ખાતા થઈ ગયા છે.

ભારત પાછા મોકલવામાં આવેલા લોકોમાંથી ૩૭ જેટલા ગુજરાતીઓનો સમાવેશ થાય છે. ૩૭માંથી ૧૨ લોકો મહેસાણા જિલ્લાના હોવાની માહિતી મળી રહી છે. મહેસાણાના વસાઈ, ડાભલા, ખેરવા, ચંદ્રનગર, ખણુસા, વિજાપુર, જોરણગના વ્યક્તિઓને ડીપોર્ટ કરાયા છે. હાલ અમેરિકાથી કાઢી મુકાયેલા લોકોના પરિવારજનો મૌન સેવી રહ્યા છે. પરિવારજનો હાલ કેમેરા સામે કાંઈ પણ બોલવા માટે તૈયાર નથી.

બીજીતરફ અમેરિકાથી પરત ફરેલા ગુજરાતીઓને લઈને પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે પ્રતિક્રિયા આપી છે. નીતિન પટેલે કહ્યું કે અમેરિકાથી ૩૩ ગુજરાતીઓને પરત કરાયા છે, જે આવતીકાલે ગુજરાત આવે તેવી સંભાવના છે. તેમણે કહ્યું કે જે લોકોને પરત મોકલાયા તે આપણા ભાઈ-બહેનો છે. ગેરકાયદેસર પ્રવેશ સિવાય તેમની સામે કોઈ ગુનો નથી. નીતિન પટેલે જણાવ્યું કે આ પ્રક્રિયા કયાં જઈ અટકશે તે મને ખબર નથી.

રાજયના પૂર્વ નાયબ મુખ્યમંત્રીએ કહ્યું કે આ લોકો પ્રત્યે મારી સહાનુભૂતિ છે. તે ઉજ્જવળ ભવિષ્ય માટે ત્યાં કમાણી કરવા ગયા હતા. ત્યાં કામ કરી પોતાના વતનમાં પરિવારોની મદદ કરતા હતા. તેના કારણે વિદેશી હૂંડિયામણ ભારતને મળ્યું છે. તેમણે આ લોકો સાથે સહાનુભૂતિવાળું વર્તન કરવાની અપીલ કરી હતી.

નીતિન પટેલે કહ્યું કે ત્યાં જઈને આ ગુજરાતીઓએ રાજ્યના વિકાસમાં ફાળો આપ્યો છે. હું સરકારને વિનંતી કરૂ છું કે તેની સામે ગુનેગાર કે આરોપીઓ જેવો વ્યવહાર ન કરે. બધા સાથે યોગ્ય વર્તન કરવા માટે વિનંતી છે. નીતિન પટેલે કહ્યું કે ગુજરાત કે દેશમાં નોકરીઓ નથી એટલે ત્યાં જાય છે આ વાત યોગ્ય નથી. અહીં બધાને પોતાની લાયકાત પ્રમાણે આવક અને નોકરી મળતી હોય છે. વિદેશ જવાની પ્રથા વર્ષોથી ચાલે છે. વધુ કમાણી અને પ્રગતિ માટે લોકો ત્યાં જતા હોય છે.

### સાસરિયાએ ૪ લાખ દહેજની માંગણી કરતાં પોલીસમાં ગુનો દાખલ

## વિસનગરમાં પરિણીતાને દિકરીનો જન્મ આપવા બદલ સાસરિયાઓએ ત્રાસ ગુજારતા ફરિયાદ

(ગરવી તાકાત) મહેસાણા તા.૫

વિસનગર શહેરમાં એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે, જ્યાં એક મહિલાને તેના પતિ અને સાસરિયાઓએ માત્ર દીકરીનો જન્મ આપવા બદલ અત્યાચારનો ભોગ બનાવી છે. સાયરાબાનુ બલોચના લગ્ન ૨૦૦૭માં અઝરુદ્દીન હૈદરમિયા સૈયદ સાથે થયા હતા. શરૂઆતમાં બધું સામાન્ય હતું, પરંતુ દીકરીના જન્મ બાદ પરિસ્થિતિ બદલાઈ ગઈ.

પતિ સહિત સાસરિયાઓએ દીકરી જન્મ આપવા બદલ મહેણા મારવાનું શરૂ કર્યું અને રૂપિયા ૪ લાખની દહેજની માગણી કરી. પીડિતાને બીજી સંતાન ન થતાં છેલ્લા ચાર વર્ષથી શારીરિક અને માનસિક ત્રાસ આપવામાં આવતો હતો. પરિસ્થિતિ ત્યારે વધુ વણસી જ્યારે એક મહિના પહેલા તેના પતિએ બીજી મહિલા સાથે લગ્ન કરી લીધા અને સાયરાબાનુને તેની મરજી વિરુદ્ધ ત્રણ વાર તલાક બોલીને છૂટાછેડા આપી દીધા.




આ મામલે પીડિત મહિલાએ વિસનગર પોલીસ સ્ટેશનમાં તેના પતિ અઝરુદ્દીન, સસરા હૈદરમિયા, સાસુ સેનાજબાનુ, નણંદ નિસ્બતબાનુ અને મામી સાસુ જુલેખાબીબી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. પોલીસે ગુનો દાખલ કરી આગળની તપાસ શરૂ કરી છે. આ કેસ દહેજ પ્રતિબંધક કાયદા અને મુસ્લિમ મહિલા અધિકાર સંરક્ષણ કાયદા અંતર્ગત નોંધવામાં આવ્યો છે.




# પ્રતિબંધ છતાં સક્રિય પીએફઆઈ

હાલમાં જ એનઆઈએએ બિહાર અને મધ્ય પ્રદેશથી ત્રણ પોપ્યુલર ફ્રન્ટ ઓફ ઈન્ડિયા (પીએફઆઈ)ના સભ્યોની ધરપકડ કરી છે. તેમનો ઉદ્દેશ્ય અયોધ્યામાં રામમંદિરને ઉડાવવાનો હતો તથા ખુલાસામાં કેટલીય અન્ય વાતો ખૂલી છે. યાદ રહે કે ગયા વર્ષે સપ્ટેમ્બરમાં કેન્દ્ર સરકારે પીએફઆઈ ઉપરાંત ૮ સહયોગી સંગઠનો પર પણ કાર્યવાહી કરતાં પ્રતિબંધિત કર્યા હતા, પરંતુ એ બેહદ આશ્ચર્યજનક છે કે આ પ્રતિબંધ છતાં પહેલાં કરતાં સંગઠન વધારે સક્રિય છે. પીએફઆઈનો ઉદ્દેશ્ય દેશને ઈસ્લામિક રાષ્ટ્ર બનાવવાનો છે. તેની સ્થાપના ૨૦૦૬માં કર્ણાટક ફોરમ ફોર ડિગ્નિટી અને નેશનલ ડેવલપમેન્ટ ફ્રન્ટના વિલય સાથે થઈ હતી. આ સંગઠન મુસ્લિમ અનામતની વકીલાત કરે છે. પીએફઆઈ પર બેન એટલા માટે લગાવવામાં આવ્યો છે, કારણ કે દેશમાં કેટલીય હિંસા, તોફાનો અને હત્યાઓમાં તેનું નામ આવતું હતું. દેશના કેટલા હિસ્સામાં કોઈ કાંડ થાય તો આ વિવાદિત સંગઠનની સંડોવણી ચોક્કસ ખૂલતી.

યાદ રહે કે નાગરિકતા સંશોધન કાયદા દરમ્યાન શાહીન બાગ હિંસા, જહાંગીરપુરી હિંસાથી લઈને યુપીમાં કાનપુર હિંસા, રાજસ્થાનના કરોલીમાં હિંસા, મધ્ય પ્રદેશના ખરગોનમાં હિંસા અને કર્ણાટકમાં ભાજપ નેતાની હત્યા સહિત દેશભરમાં કેટલીય હિંસા અને હત્યાઓમાં આ પીએફઆઈ સંગઠનનું નામ આવ્યું હતું. તે ઉપરાંત આ સંગઠન ઉપર ભારત વિરોધી એજન્ડા ચલાવવાનો પણ આરોપ લાગ્યો છે, જેના પુરાવા પણ તપાસ એજન્સીઓને મળ્યા હતા. આ કારણોથી હિંસા અને રાષ્ટ્રવિરોધી ગતિવિધિઓમાં પીએફઆઈ સામેલ હોવાના પુરાવા મળવાને કારણે તેના પર શંકા વધી હતી. તે ઉપરાંત તેના પર ગેરકાનૂની રીતે ફંડ લેવા અને કટ્ટરપંથ ફેલાવવાના કેટલાય આરોપો સાબિત થઈ ચૂક્યા છે. ફરીથી સક્રિયતાએ ભારત સરકારની પોલ ખોલી દીધી અને ઊંઘ પણ ઉડાડી દીધી. તેના સદસ્યો આતંકી સંગઠનની જેમ કામ કરે છે. સેંકડો કિસ્સા છે તેના અને તેના બિહાર અને મધ્યપ્રદેશથી પકડાયેલા છ આતંકીઓએ ખુલાસો કર્યો કે તેમને અયોધ્યામાં રામ મંદિરને ઉડાવવાનો આદેશ હતો અને એ પણ જણાવ્યું કે ફંડિંગના આધાર પર સંગઠન હિંદુસ્તાનના આગામી પચીસ વર્ષોમાં ઈસ્લામિક રાષ્ટ્ર બનાવવાનું છે. જ્યારે આ સંગઠન પર પ્રતિબંધ લાગ્યો હતો તો કેન્દ્રીય ગૃહ મંત્રાલયે પણ માન્યું હતું કે પીએફઆઈ અને તેના સહયોગી સંગઠન એવા વિનાશકારી કૃત્યોમાં સામેલ રહ્યા હતા, જેનાથી ભારતમાં રહેતા લોકો પર પ્રહાર થઈ રહ્યો હતો. દેશને કમજોર કરવામાં આવતો હતો અને આતંક ફેલાવવાની કોશિશ કરવામાં આવતી હતી. વટહૂકમ સુદ્ધાં જારી કર્યો હતો કે પીએફઆઈ ભારત વિરુદ્ધ ખોટો માહોલ બનાવીને રાષ્ટ્ર વિરોધી ભાવનાઓને ભડકાવવા અને સમાજના એક વિશેષ વર્ગને કટ્ટરપંથી બનાવવાની સતત કોશિશ કરી રહ્યું હતું, તેથી ગૃહ મંત્રાલયે બધી વાતોને ધ્યાનમાં રાખતાં પીએફઆઈની ગતિવિધિઓને સમજતાં તેને અને તેના સહયોગી સંગઠનોને ગેરકાનૂની સંગઠનો જાહેર કર્યાં હતાં, પરંતુ છતાં તેમની સક્રિયતા અને ગતિવિધિ પહેલાં કરતાં વધી ગઈ છે. જો આવી જ રીતે ચાલતું રહેશે તો આવાં તમામ સંગઠનોનો ડર ખતમ થઈ જશે અથવા કહો કે તે પોતાની મનમરજીથી ચાલતા રહેશે. આ શાસન-પ્રશાસનનું કોઈ જોર નહીં રહે. પ્રતિબંધનો અર્થ સ્પષ્ટ છે કે કોઈપણ ચીજને રોકી દેવી અને જો વાત આ પ્રકારના વિવાદી સંગઠનોની હોય તો વાત જ અલગ થઈ જાય છે. જો પીએફઆઈ જેવાં સંગઠનો આવી રીતે મનમરજીથી ચાલતાં રહેશે તો જલ્દી દેશની દશા અને દિશા બદલાતી દેખાશે.

અહીં સરકારે બેહદ ગંભીરતાથી કામ કરવું પડશે, કારણ કે અહીં સવાલ સુરક્ષાનો છે. એ વાતમાં બેમત નહીં કે આપણી બાહ્ય સુરક્ષા માટે આપણે હંમેશા સજાગ રહીએ છીએ, પરંતુ પડકાર હંમેશાં આંતરિક સુરક્ષાને લઈને રહે છે. આંતરિક સુરક્ષા કોઈપણ દેશ માટે હંમેશાં પડકારજનક હોય છે, કારણ કે દેશના નાગરિક પર ક્યાંય પણ આવવા-જવા પર પ્રતિબંધ નથી લગાવી શકાતા, કારણ કે તેની પાસે નાગરિક હોવાના દસ્તાવેજ હોય છે. કેટલીય બાહ્ય શક્તિઓ આપણા દેશ પાછળ પડી છે. એવા હજારો ગ્રુપ છે જે ભારતને ઈસ્લામિક રાષ્ટ્ર બનાવવાનાં ખ્વાબ જુએ છે, તેમને લાગે છે કે ભારતમાં કોઈપણ કામ કરવું આસાન છે.છે કે પ્રતિબંધ બાદ પણ કેટલાય વિકલ્પો દ્વારા ફંડિંગ આવતું રહે છે, જેને સરકાર પકડી નથી શકતી.

**તંત્રી : પ્રકાશ ચૌધરી**

## અમદાવાદમાં પિતૃ વાત્સલ્યને તાર તાર કરતો કિસ્સો

# પિતા હેવાન બન્યો : પત્ની સાથેની તકરારમાં માસૂમ પુત્રને પાણીમાં ઝેર ભેળવી પતાવી દીધો

**પુત્રને મારી નાખ્યા બાદ પિતા પણ આપઘાત કરવાનું વિચારતો હતો પણ હિંમત ન ચાલી : આરોપી પિતાની ધરપકડ**

અમદાવાદ, તા.૫

પત્ની સાથેના ઝઘડામાં પિતા પિતૃ વાત્સલ્ય ભૂલ્યો હતો. કાળજાના કટકા જેવા ૧૦ વર્ષના પુત્રને પિતાએ પાણીમાં ઝેરી પદાર્થ સોડિયમ નાઈટ્રેટ ભેળવીને પુત્રને પીવડાવીને મોતને ઘાટ ઉતારતા ખળભળાટ મચ્યો છે. પોલીસે નિષ્ઠુર પિતાની ધરપકડ કરી છે.



વધુમાં જાણવા મળતી વિગત મુજબ અમદાવાદમાં એક હત્યાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. શહેરના બાપુનાગર વિસ્તારમાં રહેતા પિતાએ જ બાળકની સોડિયમ નાઈટ્રેટ પાણીમાં ભેળવીને પીવડાવી દીધું હતું. જેના કારણે ૧૦ વર્ષના માસૂમનું મૃત્યું નિપજતા ભારે ચકચાર મચી જવા પામી છે. હાલ આ મામલે પોલીસે આરોપી પિતાની ધરપકડ કરી લીધી છે અને આગળની તપાસ હાથ ધરી છે.મળતી માહિતી અનુસાર, શહેરના બાપુનગરના નર્મદા આવાસમાં રહેતા કલ્પેશ ગોહિલે પોતાના ૧૦ વર્ષીય બાળક ઓમને ૩૦ ગ્રામ જેટલું સોડિયમ નાઈટ્રેટ પાણીમાં ભેળવીને પીવડાવીને હત્યા કરી નાખી હતી. પ્રાથમિક તપાસમાં આ માહિતી સામે આવી હતી.

અમુક અહેવાલમાં એવો દાવો કરવામાં આવ્યો છે કે, પતિ-પત્ની વચ્ચે ચાલતી તકરારને લઈને માસૂમની હત્યા નિપજાવી હતી. આ મામલે પોલીસે આરોપી પિતાની ધરપકડ કરી લીધી છે અને આગળની તપાસ હાથ ધરી છે. જોકે પોલીસના જણાવ્યા અનુસાર પત્ની મહેસાણા ગઈ હતી.

તે સમયે જ બાળકના પિતાને આત્મહત્યાનો વિચાર આવ્યો હતો. ત્યારે પિતાએ સોડિયમ નાઈટ્રેટ પાણીમાં ભેળવીને તેના બાળકને તો પીવડાવી દીધું હતું. જેનાથી બાળકનું મોત નિપજ્યું.

જોકે પોલીસનું એવું કહેવું છે કે, બાળકને કોઈ બીમારી હોવાથી પિતા કંટાળ્યો હતો અને તેના કારણે જ આ પગલું ભર્યું હોવાનું કહેવાય છે. તે પોતે પણ આ હત્યા બાદ આત્મહત્યા કરવાનું વિચારી રહ્યો હતો પણ તેની હિંમત તૂટી ગઈ અને તે આ ઘોર પાપ કરી બેઠો.

## સતત અનિયમિત ફાળવણીથી કંટાળેલા વેપારીની ફરીયાદો માંડ તંત્ર વાહકોને સંભળાઈ

# અંતે - પૂરવઠા વિભાગ જાગ્યુ! ચાલુ માસ માટે તુવેરદાળની ૯૦ - ટકા ફાળવણી કરી

(ગરવી તાકાત) ગાંધીનગર તા.૫

અંતે રાજયનું પૂરવઠા વિભાગ જાગ્યુ છે. અને ચાલુ માસ માટે લાભાર્થીઓને રાહતદરે આપવામાં આવતી તુવેરદાળનો જથ્થો ૯૦ ટકા કરાયો છે આથી લાંબા સમય બાદ મોટાભાગનાં લાભાર્થીઓને,તુવેર દાળ મળશે. ઉલ્લેખનીય છે કે ચાલુ માસની શરૂઆતમાં જ પુરવઠા વિભાગે તુવેરદાળની માત્ર ૫૦ ટકા જ ફાળવણી કરી હતી.



રેશનકાર્ડ ધારકોને ૫૦% દાળની ફાળવણી કરવામાં આવેલી હતી જેનો ઓલ ગુજરાત ફેર પ્રાઈસ એસોસિએશન દ્વારા વિરોધ કરવામાં આવ્યો હતો. કારણ કે આ પ્રકારની ફાળવણીથી અડધા લાભાર્થીઓને તુવેરદાળથી વંચિત રહેવું પડે અને રાજ્ય સરકારનો આ કિમીઓ વેપારી તથા ગ્રાહકો વચ્ચે ઘર્ષણ પેદા કરે એવો બની રહે એવુ હતુ માટે ઓલ ગુજરાત ફેર પ્રાઈઝ શોપ એસોસિએશન દ્વારા ગ્રાહકો અને વેપારી વચ્ચે વૈમનસ્ય પેદા થાય એવા સંજોગોને નિવારવા માટે પુરવઠા વિભાગને અપીલ કરવામાં આવી હતી. જેના પરિણામે આજરોજ તુવેરદાળની ફાળવણીને ૯૦ ટકા કરવામાં આવી છે ફેબ્રુઆરીના અનાજ વિતરણની સાથે ઉપરોક્ત ટકાવારી મુજબ ગ્રાહકોને તુવેરદાળ પણ મળી રહેશે વર્તમાન સમયમાં બજારમાં તુવેરદાળના ખૂબ ઊંચા ભાવ હોય ગરીબ લાભાર્થીને સસ્તા ભાવે તુવેરદાળ મળી રહેશે જે સરકારની કુપોષણ સામેની જંગ ને અસરકારક બનાવવામા મદદરૂપ થશે.ઓલ ગુજરાત ફેર પ્રાઈઝ શોપ એસોસિએશનની આ માંગમાં અખબારો દ્વારા સહકાર આપવામાં આવ્યો હતો અને આ વિષમતા ભરેલી ફાળવણી દૂર થાય એ માટે અખબાર પત્રમા સ્થાન આપીને આ સમસ્યાને વાંચા આપી હતી જેને સફળતા મળી છે માટે ઓલ ગુજરાત ફેર પ્રાઈઝ શોપ એસોસિયેશન અભિનંદન પાઠવે છે.

## છેલ્લા કેટલાય વર્ષોથી ગુજરાતમાં બીજેપીનો દબદબો રહ્યો છે

# સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ભાજપના સ્ટાર પ્રચારકોની યાદી જાહેર; આ ૨૦ દિગ્ગજ નેતાઓના નામનો સમાવેશ

(ગરવી તાકાત) ગાંધીનગર તા.૫

સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ભાજપ એ પ્રચારકો જાહેર કર્યા છે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, પ્રદેશ પ્રમુખ સી આર પાટીલ, નીતિન પટેલ, મનસુખ માંડવીયા, પરસોતમ રૂપાલાનો સમાવેશ કરવામાં આવ્યો છે. કુલ ૨૦ નેતાઓના નામ સ્ટાર પ્રચારકોની યાદીમાં છે.




ગુજરાતમાં ફરી એકવાર સ્થાનિક સ્વરાજની ચૂંટણીના ડાકલા વાગી ગયા છે. ત્યારે દર વખતની જેમ ગુજરાતની તમામ પાલિકા અને નગરપાલિકાઓમાં જંગી બહુમતીથી જીતવા માટે ભાજપે પોતાનો એક્શન પ્લાન તૈયાર કરી દીધો છે. સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ભાજપે પોતાના પ્રચારકોના નામ જાહેર કરી દીધા છે. જેમાં પાર્ટીએ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, પ્રદેશ પ્રમુખ સી આર પાટીલ, નીતિન પટેલ, મનસુખ માંડવીયા, પરસોતમ રૂપાલાનો સમાવેશ કર્યો છે. કુલ ૨૦ નેતાઓના નામ સ્ટાર પ્રચારકોમાં સામેલ કરવામાં આવ્યા છે.

છેલ્લા કેટલાય વર્ષોથી ગુજરાતમાં બીજેપીનો દબદબો રહ્યો છે. ગુજરાતમાં દરેક ચૂંટણીઓ આવે તેમાં બીજેપી પોતાની પકડ જાળવી રાખી છે. આ વખતે પણ ભારતીય જનતા પાર્ટી દ્વારા તમામ સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં એડીચોટીનું જોર લગાવી રહી છે.

ઉલ્લેખનીય છે કે, ગુજરાતમાં પાલિકા અને પંચાયતની ચૂંટણીઓ મામલે મંગળવારે એક મહત્વપૂર્ણ સમાચાર મળ્યા હતા. પ્રદેશ ભાજપ દ્વારા સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં સૌથી મોટો દાવો કરાયો હતો. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ફોર્મ પરત ખેંચવાના છેલ્લા દિવસે ચિત્ર સ્પષ્ટ થઈ ચૂક્યું છે. જેમાં ભાજપ તરફી ૨૧૫ બેઠકો બિન હરીફ થઈ ગઈ હોવાનું જાણવા મળી રહ્યું છે. ૬૮ નગરપાલિકાની ૧૯૬ બેઠકો બિનહરીફ જાહેર થઈ ગઈ છે. જુનાગઢ મહાનગરપાલિકાની ૯ બેઠકો બિનહરીફ થઈ છે, જ્યારે તાલુકા પંચાયતની પેટા ચૂંટણીમાં ૧૦ બેઠકો મળી હોવાની વાત સામે આવી છે.

મહત્વનું છે કે, ભારતીય જનતા પાર્ટીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિકાસના કાર્યો તેમજ કેન્દ્રિય ગૃહ તેમજ સહકારિતા મંત્રી અમિત શાહની વિકાસની રણનીતિ, ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ તેમજ પ્રદેશ અધ્યક્ષ અને કેન્દ્રિય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલજીના માર્ગદર્શનમાં ગુજરાતમાં પ્રજા સુધી પહોંચી પ્રજાલક્ષી કાર્યો કર્યા છેદ્ઘ તે જનતાએ સ્વીકારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ચૂંટણી પહેલા જ પ્રજા ભારતીય જનતા પાર્ટી સાથે છે તે સાબિત કરી બતાવ્યુ છે.

# બનાસકાંઠામાં ૮ ફેબ્રુઆરીએ લોક અદાલતઃચેક રિટર્ન, વૈવાહિક તકરાર સહિત વિવિધ કેસોનું નિરાકરણ લવાશે

(ગરવી તાકાત) પાલનપુર તા.૫

ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ, અમદાવાદના માર્ગદર્શન હેઠળ બનાસકાંઠા જિલ્લામાં આગામી ૮ ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ વિશેષ લોક અદાલતનું આયોજન કરવામાં આવ્યું છે. આ લોક અદાલત પાલનપુર હેડક્વાર્ટર અને જિલ્લાની તમામ તાલુકા અદાલતોમાં યોજાશે.

જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, પાલનપુર દ્વારા જાહેર કરવામાં આવ્યું છે કે આ વિશેષ લોક



અદાલતમાં જૂના એમ.એ.સી.પી. કેસો, નેગોશીયેબલ ઈન્સ્ટ્રૂમેન્ટ એક્ટની કલમ-૧૩૮ હેઠળના ચેક રિટર્નના કેસો, વૈવાહિક તકરારના કેસો અને સિવિલ કેસોનો નિકાલ લાવવામાં આવશે.

જે પક્ષકારો પોતાના કેસોનું નિરાકરણ લોક અદાલત મારફતે લાવવા ઈચ્છતા હોય, તેઓએ પાલનપુર ખાતે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળનો અથવા સંબંધિત તાલુકા કોર્ટ કમ્પાઉન્ડમાં આવેલી તાલુકા કાનૂની સેવા સમિતિનો સંપર્ક સાધવાનો રહેશે. આ લોક અદાલત થકી ઝડપી, સરળ અને પરસ્પર સમજૂતીથી વિવાદોનું નિરાકરણ લાવી શકાશે.

## ગ્રહોનો રાઝ આપની આજ




**મેષ (અ,લ,ઇ) :** નવી યોજનાની શરૂઆત થશે. કુટુંબની સાથે મનોરંજનનો અવસર. સ્વયંના પ્રયાસોથી જ સામાજિક સન્માન મેળવી શકશો.

**વૃષભ (બ,વ,ઉ) :** વ્યાપાર સારો ચાલશે.સાહસનો લાભ મળશે. સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે.સંતાનના આરોગ્ય સંબંધી ચિંતા દુર થશે.

**મીથુન (ક,છ,ઘ) :** આર્થિક સંતોષ રહેશે કામની ગતિ અનુકૂળ રહેશે. પરસ્પર સંબંધોને મહત્ત્વ આપવું, સંતાનના કાર્યોથી સમાજમાં તમારી પ્રતિષ્ઠા વધશે.

**કર્ક (ડ,હ) :** વ્યાપારમાં મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. આરોગ્યની ચિંતા રહેશે કાર્યોને સમય પર પૂર્ણ કરવાનો પ્રયત્ન કરવો ,યાત્રા થઇ શકે છે.

**સિંહ (મ,ટ) :** પ્રયત્ન જરૂરી છે કાર્યની ગતિ ઉત્તમ રહેશે.ધન સંપત્તિના મામલા ઉકેલાશે.સંતો સાથે મુલાકાત થશે કુટુંબમાં માંગલિક કાર્યોની ચર્ચા થશે.

**કન્યા (પ,ઠ,ણ) :** વાહન ધ્યાનથી ચલાવવું, માતૃપક્ષ તરફથી આર્થિક ક્ષેત્રમાં મદદ થાય. રોકાણ વગેરેથી બચવું.

**તુલા (ર,ત) :** સંતાનના આરોગ્યમાં કમીનો યોગ બનશે. ભાગ્યવાદી વૃત્તિને કારણે સફળતા મળવામાં મુશ્કેલી આવી શકશે.

**વૃશ્ચિક (ન,ય) :**
જુના સંબંધોમાં યશની વૃદ્ધિ થશે, જીવન સાથી સાથે વ્યવહારમાં અનુકૂળતા રહેશે. કુટુંબમાં વેપાર અથવા નોકરીને કારણે અસંતોષ રહી શકે છે.

**ધન (ભ,ધ,ફ) :** વ્યાપારમાં નવા પ્રસ્તાવ મળશે.કૌટુંબિક સમસ્યાઓનું સમાધાન મળશે. ઉદાર મનથી પરાક્રમ કરો, સફળતા મળવાની શકયતા.


**મકર (ખ,જ) :** અહંકાર અને સ્વાભિમાનમાં તફાવત સમજો. વ્યવસાયમાં તનાવ સમાપ્ત થવાની શકયતા રહેશે.ખાનપાનની ગરબડીથી આરોગ્ય ખરાબ થઇ શકે છે.

**કુંભ (ગ,શ,સ) :** દામ્પત્ય જીવન સરસ રહેશે.આર્થિક સ્થિતિ સારી રહેવાનો યોગ છે તમારા કાર્યમાં સ્પષ્ટતાની કમીને કારણે તમે શંકાના વર્તુળમાં આવી શકો છો.

**મીન (દ,ચ,ઝ,થ) :** વેપાર સંબંધી કાર્યો માટે યાત્રાથી ભાગ્યોદય પવિત્ર તીર્થસ્થાનોની યાત્રા કરશો,શુભ મંગળ પ્રસંગોમાં યાત્રા થશે.

## ફિલ્મી ગપશપ

# નોન - વેજના વેચાણ પર જ પ્રતિબંધ મુકો : યુનિફોર્મ સીવીલ કોડ જરૂરી : શત્રુઘ્નસિંહા



નવી દિલ્હી : ટીએમસીના સાંસદ અને અભિનેતા શત્રુઘ્ન સિંન્હાએ મંગળવારે દેશભરમાં નોનવેજ ફૂડ પર પ્રતિબંધની માંગ કરી હતી. તેમણે યુનિફોર્મ સિવિલ કોડની પણ પ્રશંસા કરી છે. જો કે, તેમણે આ અંગેની ચિંતાઓ પણ વ્યક્ત કરી છે. તેમણે કહ્યું કે માત્ર ગૌમાંસ જ નહીં, પરંતુ દેશભરમાં તમામ પ્રકારનાં નોનવેજ ફૂડ પર પ્રતિબંધ મૂકવો જોઈએ.

શત્રુઘ્ન સિંન્હાએ કહ્યું કે, ઉત્તરાખંડમાં સમાન સિવિલ કોડનો અમલ કરવો તે પ્રશંસનીય છે. સમાન સિવિલ કોડ દેશભરમાં લાગુ થવો જોઈએ અને મને ખાતરી છે કે દરેક મારી સાથે સંમત થશે. પરંતુ તેમાં ઘણી ખામીઓ અને ભૂલો છે.

દેશમાં માત્ર ગૌમાંસ જ નહીં પરંતુ તમામ નોનવેજ ફૂડ પર પણ પ્રતિબંધ મૂકવો જોઈએ. તેમણે કહ્યું કે ઉત્તર ભારતમાં જે નિયમો લાગું કરી શકાય છે તેનો અમલ ઉત્તર પૂર્વી રાજ્યોમાં કરી શકાતો નથી. એકસમાન સિવિલ કોડની જોગવાઈઓ તૈયાર કરતાં પહેલાં એક પાર્ટિ મીટિંગ યોજાવી જોઈએ.''

ઉત્તરાખંડ ૨૭ જાન્યુઆરીથી યુનિફોર્મ સિવિલ કોડના અમલીકરણ સાથે ઐતિહાસિક પગલું ભર્યું છે. ઉત્તરાખંડ યુનિફોર્મ સિવિલ કોડ એક્ટ, ૨૦૨૪ લગ્ન, છૂટાછેડા, વારસો અને ઉત્તરાધિકારને લગતાં કાયદા સહિત વિવિધ વ્યક્તિગત કાયદાઓને સરળ બનાવશે.

શત્રુઘન સિંહાનું નિવેદન ગુજરાતનાં મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે દ્વારા કરવામાં આવેલી ઘોષણા પછી આવ્યું છે જેમાં તેમણે ગુજરાતમાં યુસીસીના અમલ માટે પાંચ -સભ્ય સમિતિની રચના કરવાનું કહ્યું છે. આ સમિતિની રચના સુપ્રીમ કોર્ટના ભૂતપૂર્વ ન્યાયાધીશ રંજન દેસાઈની અધ્યક્ષતા હેઠળ કરવામાં આવશે.

૪૫ દિવસની અંદર રાજ્ય સરકારને પોતાનો અહેવાલ રજૂ કરશે. ગુજરાત સરકારે ૨૦૨૨ માં યુસીસીની આવશ્યકતાની તપાસ માટે એક સમિતિની રચના કરી, જેનો હેતુ આ કાયદાનાં અમલીકરણની સંભાવનાને ધ્યાનમાં રાખીને કરવામાં આવ્યો હતો.

## ગુજરાતનો વીજ પુરવઠો વર્ષ ૨૦૨૦ અને ૨૦૨૪ વચ્ચે ૨૮% વધ્યો

# ભારતની સ્થાપિત વીજ ઉત્પાદન ક્ષમતા ૨૦૩૧-૩૨માં ૯૦૦ ગીગાવોટ થવાની સંભાવના : રાજ્યકક્ષાના ઊર્જા મંત્રી



(ગરવી તાકાત) ગાંધીનગર તા.૫

૪ ફેબ્રુઆરી ૨૦૨૫: ગુજરાતમાં છેલ્લા ચાર વર્ષમાં વીજ પુરવઠામાં વધારો જોવા મળ્યો છે કારણ કે રાજ્યમાં વીજ પુરવઠો નાણાકીય વર્ષ ૨૦૨૦માં ૧,૧૩,૯૩૯ મિલિયન યુનિટથી ૨૮% વધીને નાણાકીય વર્ષ ૨૦૨૪માં ૧,૪૫,૭૪૦ મિલિયન યુનિટ થયો છે.

આ ઉપરાંત, નાણાકીય વર્ષ ૨૦૨૫ના પ્રથમ નવ મહિનામાં રાજ્યનો વીજ પુરવઠો ૧,૧૩,૬૯૭ મિલિયન યુનિટને સ્પર્શી ગયો છે. સરકાર ૨૦૩૧-૩૨માં તમામ સ્ત્રોતોમાંથી ભારતની કુલ સ્થાપિત વીજ ઉત્પાદન ક્ષમતાને ૯૦૦ ર્ઉ સુધી લઈ જવાની પણ યોજના ધરાવે છે. કેન્દ્રીય ઊર્જા રાજ્ય મંત્રી શ્રી શ્રીપદ નાઈકેફેબ્રુઆરી ૩, ૨૦૨૫ના રોજ રાજયસભા સાંસદ શ્રી પરિમલ નથવાણીએ પૂછેલા પ્રશ્નના જવાબમાં આ માહિતી ઉપલબ્ધ બનાવી હતી.

મંત્રીશ્રીના નિવેદન મુજબ સરકારે છેલ્લા ૧૦ વર્ષમાં દેશને વીજળીની ખાધમાંથી પર્યાપ્ત વીજળી ધરાવતાં દેશમાં પરિવર્તિત કર્યો છે. દેશની વર્તમાન સ્થાપિત વીજ ઉત્પાદન ક્ષમતા ૪,૬૨,૦૬૫ મેગાવોટ છે. મંત્રીશ્રીના જણાવ્યા અનુસાર એપ્રિલ ૨૦૧૪થી ૨,૩૦,૦૫૦ મેગાવોટ ઉત્પાદન ક્ષમતા ઉમેરીને ભારત સરકારે વીજળીની ઉણપના નિર્ણાયક મુદ્દાને ઉકેલ્યો છે.

મંત્રીશ્રીએ એમ પણ જણાવ્યું કે ૨૦૩૧-૩૨માં સ્થાપિત ઉત્પાદન ક્ષમતા ૯૦૦ ગીગાવોટ થવાની સંભાવના છે જેમાં પરંપરાગત સ્ત્રોતો- કોલસો, લિગ્નાઈટ વગેરે, બિનપરંપરાગત સ્ત્રોતો- સૌર, પવન, હાઈડ્રો, પમ્પ સ્ટોરેજ પ્રોજેક્ટ (પીએસપી) અને બેટરી એનર્જી સ્ટોરેજ સિસ્ટમ (બીઈએસએસ)નો સમાવેશ થાય છે.

તેમણે એમ પણ જણાવ્યું કે, ઊર્જા મંત્રાલયે રાજ્યો સાથે પરામર્શ કરીને ૨૦૩૧-૩૨ સુધીમાં ઓછામાં ઓછી ૮૦,૦૦૦ મેગાવોટની થર્મલ પાવર ક્ષમતા ઉમેરવાની યોજનાની કલ્પના કરી છે. આ લક્ષ્યાંક સામે ૨૮,૦૨૦ મેગાવોટ થર્મલ પાવર ક્ષમતા પહેલેથી જ નિર્માણાધીન છે અને નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં ૧૯,૨૦૦ મેગાવોટ થર્મલ પાવર ક્ષમતા માટે કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યા છે, એમ જણાવી મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે વધુમાં ૩૬,૩૨૦ મેગાવોટ કોલસો અને લિગ્નાઈટ આધારિત ઉત્પાદન ક્ષમતા તૈયાર કરવાનું આયોજન છે, જે દેશમાં આયોજનના વિવિધ તબક્કામાં છે.

તેમણે એમ પણ કહ્યું કે ૧૩,૯૯૭.૫ મેગાવોટના હાઈડ્રો ઈલેક્ટ્રિક પ્રોજેક્ટ્સ અને ૮,૦૦૦ મેગાવોટના પમ્પ્ડ સ્ટોરેજ પ્રોજેક્ટ્સ (પીએસપી) નિર્માણાધીન છે. ૨૪,૨૨૫.૫ મેગાવોટના હાઈડ્રો-ઈલેક્ટ્રિક પ્રોજેક્ટ અને ૫૦,૭૬૦ મેગાવોટ પીએસપી યોજનાના પ્રોજેક્ટ વિવિધ તબક્કા હેઠળ છે અને ૨૦૩૧-૩૨ સુધીમાં પૂર્ણ કરવાનો લક્ષ્યાંક છે, એમ પણ તેમણે ઉમેર્યું હતું.

મંત્રીશ્રીએ એવી પણ માહિતી આપી હતી કે ૭,૩૦૦ મેગાવોટ પરમાણુ વીજ ક્ષમતા નિર્માણાધીન છે અને ૨૦૨૯-૩૦ સુધીમાં પૂર્ણ કરવાનો લક્ષ્યાંક છે. ૭,૦૦૦ મેગાવોટ યોજના આયોજન અને મંજૂરીના વિવિધ તબક્કાઓ હેઠળ છે.

મંત્રીશ્રીના નિવેદન મુજબ ન્યૂ એન્ડ રિન્યૂએબલ એનર્જી મિનિસ્ટ્રીએ (ખગછઊ) નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪થી ૨૦૨૭-૨૮ સુધી રિન્યુએબલ એનર્જી અમલીકરણ એજન્સીઓ થકી ૫૦ ગીગાવોટ/વાર્ષિક રિન્યૂએબલ એનર્જીનો વીજ પુરવઠો પ્રાપ્ત કરવા માટેની બિડ મંગાવવાની પ્રક્રિયા ચાલુ છે અને ઓટોમેટિક રૂટ હેઠળ ૧૦૦% સીધા વિદેશી મૂડીરોકાણની મંજૂરી પણ આપવામાં આવી છે.

ટ્રાન્સમિશન પ્લાનિંગ વિશે વાત કરતાં મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે નેશનલ ઈલેક્ટ્રિસિટી પ્લાન મુજબ ૨૦૨૨-૨૩થી ૨૦૩૧-૩૨ સુધીના દસ વર્ષના સમયગાળા દરમિયાન લગભગ ૧,૯૧,૪૭૪ સીકેએમ ટ્રાન્સમિશન લાઈન અને ૧૨૭૪ જીવીએ ટ્રાન્સફોર્મેશન ક્ષમતા (૨૨૦ કેવી અને તેનાથી ઉપરના વોલ્ટેજ સ્તરે) ઉમેરવાનું આયોજન છે.

## મહાકુંભનું આકર્ષણ બન્યો 'નન્હા ગાંધી'

# ગાંધીનો રોલ કરતો આ છોકરો મહાકુંભમાં સ્વચ્છતાનો સંદેશ ફેલાવી રહ્યો છેઃ આકર્ષણ



પ્રયાગરાજ તા.૫

મહાકુંભમાં ગઈકાલે ત્રેવીસમાં દિવસે એક નાનકડો છોકરો લોકોના આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો. નન્હા ગાંધી તરીકે પ્રચલિત થયેલો આ છોકરો સ્વચ્છતાનો સંદેશ ફેલાવી રહ્યો હતો.

દિલ્હીનો ગોલુ નામનો આ છોકરો ગાંધીજી જેવો અવતાર ધારણ કરીને ભકતોને વિનંતી કરી રહ્યો હતો કે પર્યાવરણને અને ગંગા નદીને સ્વચ્છ રાખો.

આ નન્હા ગાંધી સાથે લોકો ફોટો અને સેલ્ફી લેતા જોવા મળ્યા હતા.

એક મહિલાએ તો ગોલુનાં ચરણને સ્પર્શ કર્યો હહતો અને કહ્યું હતું કે આ નાનકડો છોકરો કેટલો સુંદર સંદેશ આપી રહ્યો છે. જો ભારત સ્વચ્છ રહેશે તો સ્વસ્થ રહેશે.

## નેશનલ સ્ટોક એકસચેંજના રિપોર્ટમાં રસપ્રદ આંકડા : ૧૦ વર્ષમાં ટર્નઓવર ૮ ગણું વધ્યું : ટોપ - ૧૦ શહેરોમાં અમદાવાદ, સુરત અને રાજકોટને સ્થાન

# ગુજરાતના અર્ધોઅર્ધ રજીસ્ટર્ડ ઈન્વેસ્ટરો એકટીવ : સમગ્ર દેશમાં નંબર - વન



અમદાવાદ,તા.૫

શેરબજારમાં તૈયાર કરવામાં એકટીવ ઈન્વેસ્ટરોની સંખ્યામાં સમગ્ર દેશમાં ગુજરાત નંબર-વન જાહેર થયુ છે. નેશનલ સ્ટોક એકસચેંજના રીપોર્ટ પ્રમાણે ગુજરાતમાં નોંધાયેલા ઈન્વેસ્ટરોમાંથી ૫૦ટકા એકટીવની શ્રેણીમાં છે.

અર્થાત નિયમીત રીતે માર્કેટમાં તૈયાર કરે છે.મહારાષ્ટ્રમાં એકટીવ ઈન્વેસ્ટરો ૪૦ ટકા તથા ઉતર પ્રદેશમાં ૩૨ ટકા છે.ગુજરાતના ઈન્વેસ્ટરોનાં ટર્નઓવરમાં મોટો વધારો છે. ૨૦૧૪ માં કેશ માર્કેટમાં ગુજરાતના ઈન્વેસ્ટરોનુ ટર્નઓવર ૩.૨ લાખ કરોડ હતું. તે ૨૦૨૪ માં વધીને ૨૩.૫ લાખ કરોડે પહોંચ્યુ હતું.

૨૦૨૪ માં માત્ર અમદાવાદમાં જ ઈન્વેસ્ટરોએ ૭.૯ લાખ કરોડના કેશ માર્કેટમાં વેપાર કર્યા હતા અને દેશનો સૌથી વધુ વેપાર કરનાર ત્રીજા નંબરનો જીલ્લો બન્યો હતો. સુરત પણ ટોપ-૧૦ માં સામેલ હતું. સૌથી વધુ ટર્નઓવર ધરાવતા જીલ્લાઓમાં આઠમું સ્થાન હાંસલ કર્યુ હતું.મહારાષ્ટ્રમાં સૌથી વધુ ૧.૭૯ કરોડ ઈન્વેસ્ટરો છે પરંતુ એકટીવની વ્યાખ્યામાં ૭૧.૧ લાખ જ છે. ગુજરાતમાં ૯૬.૮ લાખમાંથી ૪૭.૯ લાખ એકટીવ છે. ઉતર પ્રદેશમાં ૧.૨૩ કરોડમાંથી ૩૯.૯ લાખ ઈન્વેસ્ટરો એકટીવ છે. દેશના કુલ એકટીવ ઈન્વેસ્ટરોમાંથી ૪૦.૪ ટકા માત્ર મહારાષ્ટ્ર, ગુજરાત તથા ઉતર પ્રદેશનાં છે. જેમાં મહારાષ્ટ્રનું યોગદાન ૧૮.૧ ટકા, ગુજરાતનું ૧૨.૨ ટકા તથા ઉતર પ્રદેશનું ૧૦.૫ ટકા છે.

ગુજરાત એકમાત્ર એવુ રાજય છે જેના ત્રણ શહેરો એકટીવ ઈન્વેસ્ટરોની સૌથી વધુ સંખ્યા ધરાવતા ટોપ ૧૦ શહેરોમાં સામેલ છે. અમદાવાદ ૧૦.૬ લાખ એકટીવ ઈન્વેસ્ટરો સાથે ત્રીજા, સુરત ૭.૯ લાખ એકટીવ ઈન્વેસ્ટરો સાથે પાંચમા તથા રાજકોટ ૪.૩ લાખ એકટીવ ઈન્વેસ્ટરો સાથે આઠમા સ્થાને છે. ટોપ-૧૦ માં પુના, જયપુર, કોલકતા, હૈદરાબાદ જેવા શહેરો પણ સામેલ છે.


શેરબ્રોકરોનાં કહેવા પ્રમાણે ગુજરાતીઓ દાયકાઓથી શેરબજાર સાથે સંકળાયેલા છે અને વર્ષો વર્ષ સંખ્યા વધતી રહી છે.હવે યુવા વર્ગ તથા મહિલાઓ પણ દાખલ થતાં સંખ્યામાં મોટો વધારો છે. ૨૦૨૪ નાં વ્યકિતગત રોકાણકારોના ૨૫.૭ લાખ કરોડના ટર્નઓવર સાથે મુંબઈ મોખરે હતું.

દિલ્હી ૨૧.૩ લાખ કરોડના ટર્નઓવર સાથે બીજા ક્રમે હતું.અમદાવાદનાં ઈન્વસ્ટરોનું ટર્નઓવર ૭.૯ લાખ કરોડ હતું ૨૦૧૪ માં અમદાવાદનું ટર્નઓવર ૧.૨ લાખ કરોડ જ હતું.

# ભાગવતમાં નવમા સ્કંધ સુધી સાધન ભકિતનું વર્ણન છે. દસમા સ્કંધમાં સાધ્ય ભકિતનું વર્ણન છે. સાધ્ય ભકિત પ્રભુને બાંધેછે.પુષ્ટિ ભકિત ભગવાનને બાંધશે.



યશપાલસિંહ ટી.વાઘેલા
દરબાર ગઢ થરા




આજે મહા સુદ નુમ ભગવદ્ ગીતા જ્ઞાનમાં ચિંતન મનન કરીએ તો આ જીવ સર્વ પ્રકારે સુખી થાય એ યોગ્ય નથી.એકાદ દુ:ખ તો મનુષ્યના હૃદયમાં હોવું જ જોઈએ.કારણ કે દુ:ખમાં જ ખાતરી થાય છે કે, ભગવાન વિના મારું કોઈ નથી. દરેક મહાન પુરુષ ઉપર દુ:ખો આવ્યાં છે. પરમાત્માએ વિચાર્યું કે,પાંડવોને પૃથ્વીનું રાજ્ય મળ્યું છે,સંતતિ છે અને સંપત્તિ પણ પુષ્કળ છે. પાંડવોને આ સુખમાં કદાચ અભિ માન થશે તો તેમનું પતન થશે. આવા શુભ હેતુ માટે ઠાકોર જી કોઈ વખત નિષ્ઠુર બની જાય છે. સુખમાં પાંડવો સાનભાન ન ભૂલે તેથી આ દુ:ખ પ્રભુએ આપ્યું. ભગવાન જીવને ગુપ્ત રીતે દુ:ખમાં મદદ કરે છે. તમે પણ પ્રભુ પાસે એકાદ દુ:ખ તો માગજો. તે પછી અશ્વત્થામા અને અર્જુનનું યુદ્ધ થાય છે.અર્જુને અશ્વત્થામાને મારવાની પ્રતિજ્ઞા કરેલી છે, પણ મારવાની હિંમત નથી,ગુરુપુત્ર ગુરુનું સ્વરૂપ છે. અશ્વત્થામાને બાંધી અર્જુન તેને ખેંચીને દ્રૌપદી પાસે લાવ્યો. દ્રૌપદી આંગણામાં બેઠેલાં છે.પુત્રશોકથી રડે છે. અશ્વત્થામાની આ સ્થિતિ જોઈ દ્રૌપદી દોડયાં આવે છે,ને અશ્વ ત્થામાને વંદન કરે છે. કહે છે, મારા આંગણે બ્રાહ્મણનું અપમાન ન કરો. પોતાના પાંચે બાળકોને મારનારને દ્રૌપદી વંદન કરે છે.

આ સાધારણ વેરી નથી.પાંચ બાળકોને મારનારો વેરી આંગણે આવ્યો છે,છતાં તેને બ્રાહ્મણ માની દ્રૌપદી પ્રણામ કરે છે. તમારો વેરી તમારે આંગણેઆવ્યો હોય તો તમે જય શ્રીકૃષ્ણકહેશો? વેરની શાંતિ નિર્વેરથી થાય છે, પ્રેમથી થાય છે, વંદનથી થાય છે.

વૈષ્ણવ એ કે જે વેરનો બદલો પ્રેમથી આપે છે. જય શ્રીકૃષ્ણ કહેવાનો એ અર્થ છે કે, મને જે દેખાય તે શ્રીકૃષ્ણમય છે.

અશ્વત્થામા વિચારે છે, ખરેખર દ્રૌપદી વંદનીય છે.હું વંદનીય નથી અશ્વત્થામા કહે છે,દ્રૌપદી,લોકો જે તારાં વખાણ કરે છે તે ઓછાં છે.તું વેરનો બદલો પ્રેમથી આપેછે ધન્ય છે તને!જેનો સ્વભાવ અતિ સુંદર તે ભગવાનને વહાલો લાગે છે.શરીર જેનું સુંદર છે તે ઠાકોર જીને સર્વદા ગમતો નથી પણ જેનો સ્વભાવ સુંદર છે તે ઠાકોરજીને સર્વદા ગમે છે. સ્વભાવ સુંદર ક્યારે બને? અપકારનો બદલો ઉપકારથી આપે ત્યારે દ્રૌપદી બોલી ઊઠે છે, તેને છોડી દો.મારશો નહીં.આ ગુરુપુત્ર છે. જ વિદ્યા દ્રાણાચાર્યે પોતાના પુત્રને ન આપી તે તમને આપી.ગુરુનું ઋણ કદી ભૂલશો નહીં.બ્રાહ્મણ પરમાત્માનું સ્વરૂપ છે.ગાય લૂલી,લંગડી,વાંઝણી હોય તો પણ ગાયના શુકન મનાયા છે.ભેંસના શુકન માનવામાં આવતા નથી. ગાય અને બ્રાહ્મણ વંદનીય છે.

દ્રૌપદી એ દયાનું સ્વરૂપ છે. દયા સાથે જીવ ન પરણે, ત્યાં સુધી શ્રીકૃષ્ણ તેના સારથિ બનતા નથી. અર્જુન જીવાત્મા ગુડાકેશ અને શ્રીકૃષ્ણ હૃષીકેશ છે.એ જોડી આ શરીર રથમાં બેઠી છે.ઈન્દ્રિયોરૂપી ઘોડાઓનો રથ પ્રભુને સોંપશો તો કલ્યાણ થશે. ઈન્દ્રિયોના સ્વામી શ્રીકૃષ્ણ છે. યુધિષ્ઠિર એ ધર્મ છે.ભીમએ બળ છે. સહદેવ-નકુલ બુદ્ધિ અને જ્ઞાન છે. આ ચાર ગુણવાળો જીવ અર્જુન છે.આ ગુણો ક્યારે શોભે? જ્યારે દ્રૌપદી-દયા તેની પત્ની બને છે. ત્યારે જીવ દયા દ્રૌપદી સાથે લગ્ન કરે છે.ત્યારે દ્રૌપદી ક્યારે મળે?ધર્મને મોટો માને ત્યારે. પરમાત્મા સારથિ ત્યારે જ થાય કે ધર્મને મોટો માને. આજે તો લોકો ધર્મને મોટો માનતા નથી. ધનને મોટું માને છે, પણ માનવ જીવનમાં ધન મુખ્ય નથી, ધર્મ મુખ્ય છે. ધન ધર્મની મર્યાદામાં રહીને મેળવવું જોઈએ. તમારે કોઈ કાર્ય કરવું હોય તો પહેલા ધર્મને પૂછજો. આ કાર્ય કરવાથી પાપ તો નહીં લાગે ને? તમે અર્જુન જેવું પવિત્ર જીવન ગાળશો તો, ભગવાન તમારા સારથિ થશે. પૈસા માટે ધર્મનો ત્યાગ કરે તે ઈશ્વરને ગમતો નથી,પણ ધર્મ માટે પૈસાનો ત્યાગ કરે તે પ્રભુને ગમે છે.

દ્રૌપદીએ અશ્વત્થામાને બચાવ્યો. તેણે અર્જુનને કહ્યું, અશ્વત્થામાને મારશો તો તેની મા ગૌતમીને અતિ દુ:ખ થશે.હું હજુ સધવા છું, અશ્વત્થામાની મા વિધવા છે.તે પતિના મર્યા પછી પુત્રના આશ્વાસને જીવે છે. કોઈના આશીર્વાદ ન લો તો કાંઈ નહીં પણ કોઈનો નિ:સાસો લેશો નહીં. કોઈ નિ:સાસો આપે તેવું કૃત્ય કરતા નહીં.જગતમાં બીજાને રડાવશો નહીં,જાતે રડજો. રડવાથી પાપ બળે છે.રડવાથી એક દિવસ પરમાત્મા કૃપા કરે છે. ત્યારે ભીમ અર્જુનને કહે છે,આ બાલહત્યારા ઉપર દયા હોતી હશે? અર્જુન વિચારમાં પડ્યા. છેલ્લે શ્રીકૃષ્ણે આજ્ઞા કરી, દ્રૌપદી કહે છે તે બરાબર છે. દ્રૌપદીના દિલમાં દયા છે.ભીમસેને કહ્યું કે, આતતાયીને મારવામાં પાપ નથી.

તેને શ્રીકૃષ્ણ જવાબ આપે છે, બ્રાહ્મણનું અપમાન એ મરણ બરાબર છે. માટે અશ્વત્થામાને મારવાની જરૂર નથી.તેનું અપમાન કરી કાઢી મૂકો.

અશ્વત્થામાનું મસ્તક કાપ્યું નહીં. તેના માથામાં જન્મસિદ્ધ મણિ હતો તે કાઢી લીધો. અશ્વત્થામા તેજહીન બન્યો. હવે મરવામાં શું બાકી રહ્યું? અપમાન મરણ કરતાં પણ વિશેષ છે.

અશ્વત્થામાએ વિચાર કર્યો કે, આના કરતાં મને મારી નાખ્યો હોત તો સારું થાત!આ અપમાન નો બદલો હું લઈશ.

ઉત્તરાના પેટમાં ગર્ભ છે તે પાંડવો નો ઉત્તરાધિકારી છે.તે ગર્ભનો નાશ થાય તો પાંડવોના વંશનો નાશ થાય,એમ વિચારી ગર્ભ ઉપર તેણે બ્રહ્માસ્ત્ર છોડ્યું.ઉત્તરા વ્યાકુળ થાય છે, હરિસ્મરણ કરે અને હરિઆશ્રય લે તો ભગવાન માર્ગ બતાવે છે.બ્રહ્માસ્ત્ર ઉત્તારાના શરીરને બાળવા લાગ્યું.ઉત્તરા દોડતાં દોડતાં શ્રીકૃષ્ણ પાસે આવ્યા.શ્રીકૃષ્ણ ઉત્તરાના ગર્ભમાં પરીક્ષિતનું રક્ષણ કરે છે.જીવમાત્ર પરીક્ષિત છે. સર્વનું ગર્ભમાં કોણ રક્ષણ કરે છે? જીવ માત્રનું રક્ષણ ગર્ભમાં ઈશ્વર કરે છે.બહાર આવ્યા પછી પણ જીવનું રક્ષણ ભગવાન કરે છે.ગર્ભમાં તો જીવાત્મા હાથ જોડીને પરમાત્મા ને સતત નમન કરે છે પણ બહાર આવ્યા પછી બે હાથ છૂટા થતાં તેનું નમન છૂટી જાય છે પ્રભુને તે ભૂલી જાય છે.

ગર્ભાવસ્થામાં જીવનું રક્ષણ પરમાત્મા કરે છે,તે બાલ્યાવસ્થા માં પણ જીવનું પરમાત્મા જ રક્ષણ કરે છે. પણ જવાનીમાં માનવી ભાન ભૂલે છે. અક્કડાઈમાં ચાલે છે અને કહે છે કે હું ધર્મમાં માનતો નથી,ઈશ્વરમાં માનતો નથી.

દ્રૌપદીએ ઉત્તારાને સારી શિખામણ આપેલી કે જીવનમાં દુ:ખનો પ્રસંગ આવે ત્યારે શ્રી કૃષ્ણને શરણે જજે તે તને જરૂર મદદ કરશે.તારા દુ:ખ ની કથા દ્વારિકાનાથ સિવાયકોઈને કહેતી નહીં.તેથી ઉત્તરા રક્ષણ માટે પાંડવો પાસે ગયા નથી પણ પરમાત્મા પાસે ગયા છે.

ભગવાન કોઈના ગર્ભમાં જતા નથી પરમાત્માની લીલા અપ્રાકૃત છે. દેવકીના પેટમાં ભગવાન ગયા નથી. દેવકીને ભ્રાંતિ કરાવી છે કે, મારા પેટમાં ભગવાન છે. પરંતુ આજે એવી જરૂર પડી હતી. આજે ભક્તનું રક્ષણ કરવું હતું એટલે પરમાત્માએ ગર્ભમાં જઈ રક્ષણ કર્યું. પરમ આશ્ચર્ય છે.

શ્રીકૃષ્ણે સુદર્શનચક્રથી બ્રહ્માસ્ત્રનું નિવારણ કર્યું, પરીક્ષિતનું રક્ષણ કર્યું. માતાના પેટમાં જ પરીક્ષિતને પરમાત્માનાં દર્શન થયા છે, તેથી પરીક્ષિત ઉત્તમ શ્રોતા છે.

હવે દ્વારિકાનાથ દ્વારિકા જવા તૈયાર થાય છે.કુંતાએ મર્યાદા અને સાધનભક્તિ છે.યશોદાએ પુષ્ટિ ભક્તિ છે.યશોદાનો બધો વ્યવહાર ભક્તિ રૂપ હતો. પ્રેમલક્ષણા ભક્તિમાં વ્યવહાર અને ભક્તિનો ભેદ રહેતો નથી.વૈષ્ણવની દરેક ક્રિયા ભક્તિ બની જાય છે.

મર્યાદા ભક્તિ પહેલાં આવે છે,તે પછી પુષ્ટિભક્તિ.મર્યાદા શક્તિ એ સાધન છે તેથી આરંભમાં આવે છે પુષ્ટિભક્તિ એ સાધ્ય છે એટલે અંતમાં આવે છે. ભાગવતમાં નવમા સ્કંધ સુધી સાધન ભક્તિનું વર્ણન છે. દસમા સ્કંધમાં સાધ્ય ભક્તિનું વર્ણન છે. સાધ્ય ભક્તિ પ્રભુને બાંધે છે. પુષ્ટિ ભક્તિ ભગવાનને બાંધશે. તેથી કથા ભાગવતમાં છેવટે આવે છે. દરેક વ્યવહારને ભક્તિરૂપ બનાવે તે પુષ્ટિ ભક્તિ છે. અને છેલ્લે આજે જોઈએ રાજા ભોજ ના દરબારમાં એક વિદ્વાન આવ્યો તે ઘણી ભાષાઓ અસ્ખલિત રીતે બોલતો હતો.

રાજાભોજ જાણવા માંગતા હતા કે તેની માતૃભાષા કઈ છે? પણ ખચકાટને કારણે તે પૂછી શક્યા નહીં.

વિદ્વાનજી ગયા પછી, રાજાએ તેમના દરબારીઓને શંકા વ્યક્ત કરી અને પૂછ્યું, 'શું તમારામાંથી કોઈ મને કહી શકે છેકે વિદ્વાનજી ની માતૃભાષા કઈ છે?'

હાસ્ય કલાકારે કહ્યું, 'આજે નહીં તો કાલે મને ખબર પડશે કે તેમની માતૃભાષા શું છે?'

બીજા દિવસે વિદ્વાનજી નિયત સમયે આવ્યા અને જ્યારે દરબારી બેઠક પૂરી થઈ અને તેઓ જઈ રહ્યા હતા,ત્યારે હાસ્ય કલાકારે તેમને સીડી પર ધક્કો માર્યો,જેના કારણે તેઓ પડી ગયા અને તેમને થોડી ઈજા થઈ.

તે હાસ્ય કલાકારના અસભ્ય વર્તનથી ખૂબ ગુસ્સે થયો અને તેને ખૂબજ ગાળો આપવા લાગ્યો જે ભાષામાં તેઓ અપશબ્દો બોલી રહ્યા હતા તે તેમની માતૃ ભાષા માનવામાં આવતી હતી.

રાજાએ બહારથી હાસ્ય કલાકાર પ્રત્યે ગુસ્સો વ્યક્ત કર્યો પણ હૃદયમાં બધાએ તેની શાણપણની પ્રશંસા કરી.

વિદ્વાન ગયા પછી,હાસ્ય કલાકારે કહ્યું,'પોપટ ફક્ત ત્યાં સુધી રામ- રામ કહે છે જ્યાં સુધી તેના પર કોઈ મુશ્કેલી ન આવે.પરંતુ જ્યારે બિલાડી તેની સામે આવે છે, ત્યારે તે ફક્ત દસ-દસ જ કહે છે. તેવી જ રીતે, ગુસ્સામાં, માણસ સાચી ભાષા બોલવાનું શરૂ કરે છે.

રાજવી પૂજારીએ કહ્યું, 'વ્યક્તિનું સાચું વ્યક્તિત્વ ત્યારે પ્રગટ થાય છે જ્યારે પ્રતિકૂળતા આવે છે. સામાન્ય સમયમાં લોકો માસ્ક પાછળ છુપાયેલા રહે છે, પરંતુ મુશ્કેલીના સમયમાં તેઓ ખરેખર જેવા છે તેવા જ વર્તે છે.'

બોધ પાઠ :-જે વ્યક્તિ તક આવે કે પ્રતિકૂળતામાં પણ સ્વાર્થ માટે ખોટો રસ્તો અપનાવતો નથી, તે પ્રામાણિક અને સાચા ચારિત્ર્યનો વ્યક્તિ છે.

હંમેશા ખુશ રહો-તમારી પાસે જે કંઈ છે તે પૂરતું છે. જેનું મન ખુશ છે તેની પાસે બધું જ છે.

વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત આજે ગુરુવાર વરાણા સહિત ખોડીયાર માતાજી ના મંદિરે મેળો અંતિમ ચરણમાં પહોચ્યો છે.પૂનમ સુધી મહાકુંભ ની જેમ ભક્તિની ભીડ જોવા મળશે. શ્રદ્ધા ભકિતની જયોત સદા સર્વદા પ્રજ્ઞ્વલિત રહે.. અસ્તુ.

### દીકરાની જાન જવાના બદલે પિતાની અર્થી ઊઠી : કાણીયોલ ગામે એક કરુણાંતિકા સર્જાઇ

# CRPF જવાનનું ફરજ પર હાર્ટએટેકથી મોત, વતનમાં ગાર્ડ ઓફ ઓનર સાથે અંતિમ વિદાય; લગ્નનો માહોલ માતમમાં ફેરવાયો





(ગરવી તાકાત) સાબરકાંઠા તા.૫

હિંમતનગર તાલુકાના કાણીયોલ ગામે એક કરુણાંતિકા સર્જાઇ હતી, જેમાં દીકરાની જાન જાય તે પહેલાં જ પિતાની અર્થી ઊઠી હતી. જમ્મુ કશ્મીરમાં CRPF જવાન તરીકે ફરજ પર બજાવતા પિતાને અચાનક ફરજ પર હાર્ટએટેક આવતાં તેમનું મોત નીપજ્યું હતું. જેથી તેમના પાર્થિવદેહને વતન લાવવામાં આવ્યો હતો. જ્યાં તેમને ગાર્ડ ઓફ ઓનર સાથે અંતિમ વિદાય આપવામાં આવી હતી.

ઉલ્લેખનીય છે કે, મૃતક વિષ્ણુભાઈના દીકરાના ૧૭ ફેબ્રુઆરીએ લગ્ન હતા, કંકોત્રીઓ પણ વહેચાઇ ગઈ હતી. ત્યારે અચાનક આ દુ:ખદ ઘટનાથી લગ્નનો માહોલ માતમમાં ફેરવાયો હતો. આખા ગામમાં શોક પ્રસરી જવા પામ્યો હતો.

હિંમતનગર તાલુકાના કાણીયોલ ગામમાં CRPF જવાન વિષ્ણુભાઈ પ્રજાપતિની અંતિમયાત્રા દેશભક્તિના ગીતો અને 'ભારત માતા કી જય'ના નારા સાથે નીકળી હતી. ૫૩ વર્ષીય વિષ્ણુભાઈ જમ્મુ-કાશ્મીરના કુલગામમાં ASI તરીકે ફરજ બજાવતા હતા, જ્યાં સંત્રી ચોકી પર ફરજ દરમિયાન તેમને હૃદયરોગનો હુમલો આવતા તેમનું અવસાન થયું હતું.

ગત ડિસેમ્બર મહિનામાં હૃદયનું ઓપરેશન કરાવ્યા બાદ ૨૦ દિવસ આરામ કરી વિષ્ણુભાઈ ૬ જાન્યુઆરીએ ફરજ પર પરત ફર્યા હતા. મંગળવારે સવારે ફરજ દરમિયાન તેઓ બેભાન થઈ ગયા હતા અને કુલગામ જિલ્લા હોસ્પિટલમાં તેમને મૃત જાહેર કરવામાં આવ્યા હતા.

પરિવાર માટે આ ઘટના વધુ દુ:ખદ એટલા માટે બની કે, વિષ્ણુભાઈના પુત્ર પાર્થના ૧૭ ફેબ્રુઆરીએ લગ્ન નિશ્ચિત થયા હતા. તેમના મૃતદેહને વતનમાં લાવવામાં આવ્યો ત્યારે, સમગ્ર ગામમાં તિરંગા લહેરાવવામાં આવ્યા હતા. અંતિમયાત્રામાં હિંમતનગરના ધારાસભ્ય વી.ડી.ઝાલા સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો જોડાયા હતા. ગામની સીમમાં નદી કિનારે ગાર્ડ ઓફ ઓનર સાથે સલામી આપી તેમના અંતિમસંસ્કાર કરવામાં આવ્યા હતા.

આ અંગે ગ્રામજનો પાસેથી મળેલી માહિતી મુજબ ૫૩ વર્ષીય વિષ્ણુભાઈ બેચરભાઈ પ્રજાપતિ, તેમની પત્ની અને તેમના બે દીકરા એકનું નામ પાર્થ અને બીજાનું નામ સાહિલ છે. જેમાં દીકરા પાર્થના ૧૭ ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ લગ્ન હતા. જેની કંકુપત્રિકા પણ સગાસંબધીઓને આપી દેવામાં આવી હતી.

વિષ્ણુભાઈ બુધવારે તેમના વિભાગમાં રજા મુકીને આવતીકાલને ગુરુવારે ઘરે આવવાના હતા. પરંતુ હૃદયરોગના હુમલામાં ફરજ પર વિષ્ણુભાઈ પ્રજાપતિનું અવસાન થતાં મંગળવારે પરિવારજનોને અવસાનના સમાચાર મળ્યા હતા અને બુધવારે તેમનો મૃતદેહ તેમના વતને લાવવામાં આવ્યો હતો. જ્યાં ગાર્ડ ઓફ ઓનર સાથે સલામી આપી અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો હતો.

### તાલુકા હેલ્થ ઓફિસરે આ ઘટના અંગે અજાણતા દર્શાવી હતી

## થરાદ તાલુકાના કરણાસરથી પડાદર રોડની પાસે બાયો મેડિકલ વેસ્ટ મળી આવતાં ચકચાર

(ગરવી તાકાત) વાવ તા.૫

બનાસકાંઠા જિલ્લાના થરાદ તાલુકામાં ગંભીર બેદરકારીનો કિસ્સો સામે આવ્યો છે. કરણાસરથી પડાદર રોડની બાજુમાં મોટા પ્રમાણમાં મેડિકલ વેસ્ટ ખુલ્લામાં ફેંકી દેવામાં આવ્યો હોવાનું ધ્યાને આવ્યું છે. આ મેડિકલ કચરામાં વપરાયેલી દવાઓ, ઈન્જેક્શન, ખાલી બાટલીઓ અને અન્ય તબીબી સામગ્રીનો સમાવેશ થાય છે.



આ ઘટના સામે આવતાં સ્થાનિક રહીશોમાં ભારે રોષ ફેલાયો છે. લોકોની મુખ્ય ચિંતા એ છે કે આ જોખમી કચરો રખડતાં પશુઓ માટે જીવલેણ સાબિત થઈ શકે છે. જો કોઈ પશુને નુકસાન થશે તો તેની જવાબદારી કોની રહેશે તે મોટો પ્રશ્ન ઉભો થયો છે.

વધુ ચિંતાજનક બાબત એ છે કે જ્યારે આ મામલે તાલુકા હેલ્થ ઓફિસરનો સંપર્ક કરવામાં આવ્યો, ત્યારે તેમણે આ ઘટના અંગે અજાણતા દર્શાવી, માત્ર તપાસ કરાવવાનું આશ્વાસન આપ્યું. આ પ્રતિસાદ આરોગ્ય વિભાગની બેજવાબદાર વર્તણૂકને છતી કરે છે. અગાઉ તાલુકાના ગામડાઓમાં બેઠેલા ઉટવૈધો સામે કાર્યવાહી બાબતે તાલુકા હેલ્થ ઓફિસર ને જાણ કરતાં ઓફિસર ફક્ત બે શબ્દો માં જવાબ આપે છે કે કરાઈ દઈશું કરાઈ દઈશું. પણ આજ સુધી કાર્યવાહી થઈ નથી. જે બાબતે હેલ્થ ઓફિસર કડક કાર્યવાહી કરે અને ગામડાઓમાં બની બેઠેલા એમબીબીએસ મુન્નાભાઈઓ સામે કાર્યવાહી કરે એવી માંગ ઉઠવા પામી છે.

સ્થાનિક લોકોની માંગ છે કે આરોગ્ય વિભાગના અધિકારીઓ તાત્કાલિક જાગૃત થઈને આ મેડિકલ વેસ્ટ ફેંકનારા જવાબદાર તત્વો સામે કડક પગલાં લે. બાયો-મેડિકલ વેસ્ટ મેનેજમેન્ટના નિયમો અનુસાર, મેડિકલ કચરાનો યોગ્ય રીતે નિકાલ કરવો જરૂરી છે અને તેનું ઉલ્લંઘન ગંભીર ગુનો બને છે.

### દેશી ગાયના છાણ અને ગૌમૂત્ર થકી ઓછા ખર્ચે પ્રાકૃતિક ખેતી કરી શકાય

## ખેડુતોને પ્રોત્સાહન પુરુ પાડવા દેશી ગાય નિભાવ ખર્ચ યોજના હેઠળ ૯૦૦ માસ દીઠ પશુપાલક ખેડુતોને ચુકવે

(ગરવી તાકાત) મહેસાણા તા.૫

ઋગ્વેદમાં એક શ્લોકનો ઉલ્લેખ છે. જે કહે છે કે, જેનો અર્થ થાય છે કે, જેનું કોઈ મૂલ્ય ન થઈ શકે એવા ગાયથી અગણિત લાભ છે. પ્રાકૃતિક કૃષિમાં પણ દેશી ગાય ખેડૂતો માટે સાચા અર્થમાં 'કામધેનું' સાબિત થઈ રહી છે.સરકાર પણ ખેડુતોને પ્રોત્સાહન પુરુ પાડવા દેશી ગાય નિભાવ ખર્ચ યોજના હેઠળ ૯૦૦ રૂ માસ દીઠ પશુપાલક ખેડુતોને ચુકવે છે.



'ગાય' પ્રાકૃતિક ખેતીનો મહત્વનો આધારસ્તંભ છે. પ્રકૃતિના મૂળભૂત સિદ્ધાંતો આધારિત દેશી ગાયના છાણ અને ગૌમૂત્ર થકી ઓછા ખર્ચે પ્રાકૃતિક ખેતી કરી શકાય છે. ગાયના ગૌમૂત્ર અને ગાયના છાણનો ઉપયોગ તો પાયાનો સિદ્ધાંત છે. પ્રાકૃતિક ખેતીમાં પાકની વૃદ્ધિ માટે બહારથી કોઈ પણ સામગ્રી ન લેતાં કુદરતી સામગ્રી એકઠી કરીને ખેતર ખેડી જાતે જ ઉત્તમ પરિણામ પ્રાપ્ત થાય છે.આ બાબતને સરકાર દ્વારા એક ઝંબેશ રુપે વિવિધ કાર્યક્રમો અને તાલીમો દ્વારા સમજાવવામાં આવે છે.

પ્રાકૃતિક ખેતીના પાંચ આધારસ્તંભ જીવામૃત, બીજામૃત, આચ્છાદન, વાપ્સા અને જંતુનાશક અસ્ત્રો છે જેનાથી પ્રાકૃતિક ખેતી કરવાથી ઉત્તમ પરિણામ મળે છે. જેમાંથી જીવામૃત, ઘન જીવામૃત તેમજ જંતુનાશક અસ્ત્રો તૈયાર કરવામાં ગાયનું ગૌમૂત્ર અને દેશી ગાયનું છાણ ઉપયોગમાં લેવામાં આવે છે. ઉપરાંત જીવાત નિયંત્રણ માટે નિમાસ્ત્ર, અગ્નિઅસ્ત્ર અને બ્રહ્માસ્ત્રમાં પણ દેશી ગાયનું ગૌમૂત્ર અને દેશી ગાયનું છાણ અતિમહત્વનો ભાગ ભજવે છે.

ગાયના દૂધની ખાટી છાશ પણ ફુગનાશક, વિષાણું નાશક, સંજીવક અને પ્રતિકારક શક્તિમાં વધારો કરે છે. આ માટે સાતથી દશ દિવસની ૧૦ લીટર ખાટી છાશને ૨૦૦ લીટર પાણીમાં ઓગાળીને છંટકાવ કરી શકાય છે. જેથી વન્યપ્રાણીઓ તેની દુર્ગંધથી ખેતરની આસપાસ આવશે નહીં અને પાકને નુકસાન થતું અટકશે.આયુર્વેદમાં પણ ઉલ્લેખ છે કે, ગાયના દૂધ, ઘી, માખણ, દહીં, છાણ, ગૌમુત્રથી બનાવેલા પંચગવ્ય મનુષ્યની વ્યાધિને શમાવે છે અને શારીરિક રોગોની દવા છે. જેના નિયમિત સેવનથી રાહત મળે છે. વળી ખેડૂતો ગૌમૂત્ર અને છાણમાંથી અગરબત્તી, ધૂપ, ગાયનું ઘી વગેરે જેવી વસ્તુઓ બનાવીને માર્કેટમાં વેંચી અને આર્થિક ઉપાર્જન પણ કરી શકે છે.

આમ, પ્રાકૃતિક ખેતીનો મુખ્ય આધારસ્તંભ ગાયના સંવર્ધનથી આર્થિક રીતે પણ ખેડૂતમિત્રોને ફાયદો થાય છે........

સૌજન્ય – "આત્મા" મહેસાણા રજુઆત-મહેસાણા માહિતી કચેરી –હેમલત્તા

### ફાયર વિભાગની રેસ્ક્યૂ વાન બની જીવનરક્ષક

## માથામાં ગંભીર ઈજા પામેલા પંકજભાઈને ફાયર વિભાગની ટીમે તાત્કાલિક પ્લુટો હોસ્પિટલ પહોંચાડ્યા




(ગરવી તાકાત) સાબરકાંઠા તા.૫


હિંમતનગરના ખેડ તસીયા રોડ પર બુધવારે બપોરે એક ગંભીર અકસ્માત સર્જાયો, જેમાં ફાયર વિભાગની રેસ્ક્યૂ વાને ૧૦૮ની ભૂમિકા ભજવીને એક વ્યક્તિનો જીવ બચાવ્યો. છાપરીયા ચાર રસ્તે ફોનવાલે સામેના રોડ પર બે વાહન વચ્ચે થયેલા અકસ્માતમાં પંકજભાઈ પરમારને માથાના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી.

ઘટના સમયે હિંમતનગર નગરપાલિકાની ફાયર વિભાગની રેસ્ક્યુ વાન નવા ગામની શાળામાં ડેમોસ્ટ્રેશન આપીને પરત ફરી રહી હતી. અકસ્માતની જાણ થતાં જ ફાયર ટીમના જવાનોએ તત્કાળ કાર્યવાહી કરી. ઈજાગ્રસ્ત પંકજભાઈને સ્ટ્રેચર દ્વારા રેસ્ક્યુ વાનમાં શિફ્ટ કરી, તાત્કાલિક મોતીપુરા સ્થિત પ્લુટો હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા. અકસ્માતને કારણે વિસ્તારમાં ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી અને ૧૦૮ને પણ જાણ કરવામાં આવી હતી. પરંતુ ફાયર વિભાગની ટીમે સમયસૂચકતા દાખવીને પોતાની રેસ્ક્યુ વાનને એમ્બ્યુલન્સ તરીકે ઉપયોગમાં લઈ ઈજાગ્રસ્તને તાત્કાલિક સારવાર મળી રહે તે સુનિશ્ચિત કર્યું. આ ઘટના ફાયર વિભાગની ત્વરિત કાર્યવાહી અને માનવીય અભિગમનું ઉત્તમ ઉદાહરણ બની રહી છે.

## થરાદમાં પોલીસે એક્ટિવામાંથી ૩૭ બોટલ વિદેશી શરાબની સાથે બુટલેગર ઝડપાયો

(ગરવી તાકાત) થરાદ તા.૫

થરાદ પોલીસે ચોક્કસ બાતમીના આધારે થરાદ-ધાનેરા હાઈવે પર આવેલી રાયડા મિલ પાસેથી દારૂની હેરાફેરી કરતા બુટલેગરને પકડી પાડ્યો છે. પોલીસે આરોપી દશરથ વજીરીની ધરપકડ કરી તેની પાસેથી કાળા કલરના એક્ટિવાની ડિકી અને કપડાંની થેલીમાંથી વિદેશી દારૂની અલગ-અલગ બ્રાન્ડની ૩૭ બોટલ જપ્ત કરી છે.પોલીસની તપાસમાં જપ્ત કરાયેલા દારૂની કિંમત રૂ. ૪૦૨૩ હોવાનું સામે આવ્યું છે. પોલીસે એક્ટિવા સહિત કુલ રૂ.૫૪,૦૨૮નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ ઘટના બાદ પોલીસે



આરોપી વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

થરાદ પોલીસની આ સફળ કામગીરીથી વિસ્તારમાં દારૂની હેરાફેરી કરતા અસામાજિક તત્વોમાં ફફડાટ ફેલાયો છે. પોલીસની સતર્કતાથી દારૂની હેરાફેરીના આ પ્રયાસને નિષ્ફળ બનાવવામાં સફળતા મળી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### વાલમ ક્લસ્ટરમાં CET Work Shop યોજાયો



(ગરવી તાકાત) મહેસાણા તા.૫

આજ રોજ વિસનગર તાલુકા ના વાલમ ક્લસ્ટર ની તમામ શાળાઓ ના ધો. ૩ થી ૫ ના શિક્ષકો માટે ઝઈ્ અંતર્ગત ઉંઈદ્ધ જીૐ નું આયોજન વાલમ સી. આર. સી. કો. ઓ. શ્રી દિપકભાઈ ચૌધરી દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં જિલ્લા માંથી મળેલ સૂચના મુજબ વિવિધ વિષયો અંગે ની ચર્ચા કરવમાં આવી. તથા

શાળા કક્ષાએ સારા માં સારુ કામ કઈ રીતે કરી શકાય એ અંતર્ગત માહિતી અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

### જગુદણ રેલવે સ્ટેશને ટ્રેનની ટક્કરથી મરણ જનાર અજાણ્યા પુરુષના વાલી વારસોએ સંપર્ક કરવો

(ગરવી તાકાત) મહેસાણા તા.૫

મહેસાણા તાલુકા પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર અજાણ્યા પુરુષની ઉંમર વર્ષ આશરે ૩૫ થી ૪૫ વર્ષ આશરે જે ગઈ બીજી ફેબ્રુઆરીના રોજ સાંજે ૦૬:૧૫ વાગ્યાના પહેલા કોઈપણ સમયે જગુદણ રેલવે સ્ટેશન કિલોમીટર ૭૨૦/૦૬ ઉપર ટ્રેન નંબર ૧૨૪૬૨ વંદે ભારત ટ્રેનની ટક્કરથી મરણ ગયેલ હોય આ અજાણ્યા પુરુષના વાલી વારસો એ મહેસાણા તાલુકા પોલીસ સ્ટેશનનું સંપર્ક કરવો. આ પુરુષ મધ્યમ બાંધાના, આશરે ઉચાંઈ ૫૨.૩ ઈંચની , જેમના વાળ કાળાને શરીર ઉપર વાદળી રંગનો શર્ટ અને કમર નીચે છીંકણી કલરનું પેન્ટ પહેરેલ છે. આ લાશના કપાળનો ભાગ છંદાઈ ગયેલ હોય આ લાશ ઓળખી શકાય તેમ ન હોય અજાણ્યા પુરુષના વાલી વારસોને જણાવવાનું કે આ લાશનું પીએમ કરાવી બિનવારસી અજાણ્યા પુરુષની લાશને મહેસાણા સિવિલ હોસ્પિટલ કોલ્ડરૂમ ખાતે રાખવામાં આવેલ છે. આ મરણ જનારના વારસો મળી આવે તો મહેસાણા તાલુકા પોલીસ સ્ટેશન નો સંપર્ક કરવો એમ પોલીસ ઈન્સ્પેક્ટર પી. એસ. જોશી એ જણાવેલ છે.

### ભાન્ડુ રેલ્વે સ્ટેશનથી મહેસાણા તરફ ટ્રેન ટક્કરથી મૃત્યુ પામેલા અજાણી મહિલાના બિનવારસી લાશના વાલી વારસોએ સંપર્ક કરવો

(ગરવી તાકાત) મહેસાણા તા.૫

મહેસાણા તાલુકા પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર અજાણી સ્ત્રી ઉંમર વર્ષ ૪૦ થી ૫૦ જેઓ ચોથી ફેબ્રુઆરીના રોજ રાત્રે ૦૦:૦૫ કલાકે પહેલા કોઈપણ સમયે ભાંડુ રેલવે સ્ટેશનથી મહેસાણા તરફ રેલવે થાંભલા નંબર ૭૦૯ ના ૦૪ તથા ૦૫ની વચ્ચે ટ્રેનની ટક્કર વાગવાથી મરણ ગયેલ હોય. આ અજાણી સ્ત્રી જે મધ્યમ બાંધાના આશરે ૫.૩ ઈંચ ના હોય કાળા વાળ તેમજ શરીર પર મહેંદી કલર નો બ્લાઉઝ અને ચોકડી ભાતવાળી સાડી પહેરેલ છે. આ મરણ જનાર અજાણી સ્ત્રીના વાલી વારસો ના મળતા તેમની લાશનું પોસ્ટમોર્ટમ હાલ મહેસાણા સિવિલ હોસ્પિટલ પોસ્ટ મોર્ટમ (પી.એમ) રૂમ ખાતે રાખવામાં આવેલ છે. જેથી આ લાશના વાલી વારસોની જાણ થાય તો મહેસાણા તાલુકા પોલીસ સ્ટેશનને સંપર્ક કરવો એમ પોલીસ સબ ઈન્સ્પેક્ટર બી.જે. કાપડીએ અખબારી યાદીમાં જણાવેલ છે.

### શાકોત્સવ પ્રાગટ્ય ભૂમિ પર ઉજવાયો દિવ્ય અને ભવ્ય શાકોત્સવ



શ્રી સ્વામિનારાયણ મંદિર લોયાધામ આયોજીત શાકોત્સવ પ્રાગ્ટ્ય ભૂમિ લોયાધામને આંગણે ભગવાન શ્રી ઠાકોરજી મહારાજની અસીમ કૃપા અને પૂજ્યપાદ સદગુરૂવર્ય શાસ્ત્રીશ્રી ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામીની પ્રેરણાથી શ્રી મુક્તમુનિ મહોત્સવ એવં સદગુરૂ શતાબ્દી મહોત્સવ ૨૦૨૫ અંતર્ગત ભવ્યાતિભવ્ય અને દિવ્યાતિદિવ્ય શાકોત્સવ તારીખ ૪- ૨- ૨૫ મંગળવાર મહાસુદ સાતમના રોજ ઉજવાયો. ભગવાન શ્રી સ્વામિનારાયણે ૨૦૦ વર્ષ પહેલા આ ભૂમિ ઉપર સૌપ્રથમવાર રીંગણાનું શાક બનાવી ભક્તોને પ્રસાદ આપ્યો હતો. એ સ્મૃતિની યાદ સહ પૂજ્ય પાદ ગુરૂજીએ શ્રીલોયાધામના ચરિત્ર તથા શ્રીઠાકોરજી મહારાજના પ્રતાપની વાતો કરી હતી. લગભગ ૯,૦૦૦ જેટલા ધર્મપ્રેમી ભક્તજનો શાકોત્સવનો પ્રસાદ પ્રાપ્ત કરી લાભાંવિત તથા ભાવાન્વિત બન્યા હતા . પૂજ્યપાદ ગુરુજીએ કથા દરમ્યાન જણાવ્યું હતુ કે, × લોયાધામની ભૂમિ સેવા, સમર્પણ અને ભક્તિની ભૂમિ છે. સુરાબાપુ અને શાતાંબાના પ્રેમને વશ થઈ ભગવાન શ્રીહરિ અહીં પધાર્યા હતા અને શાકોત્સવ કર્યો હતો. તથા આદિગુરુદેવ શ્રીમુક્તાનંદ સ્વામીએ આખા ગામમાં સત્સંગ કરાવ્યો હતો×.તેમને જણાવ્યું હતું કે, અત્યારે શ્રીલોયાધામ મંદિર દ્વારા થતી ગરીબોને ધાબળા વિતરણ, સદાવ્રત જેવી સામાજીક માનવીય પ્રવૃત્તિ તથા જીવનના આધ્યાત્મિક મૂલ્યો વધે તેવી સત્સંગ પ્રવૃત્તિનું કાર્ય થઈ રહ્યું છે.તે ખૂબ જ સરાહનીય છે.આ પ્રસંગે શ્રીરાજુભાઈ મકવાણા - RMP બેરીંગ, શ્રીરમેશભાઈ ચૌધરી - મામલતદાર સાયલાશ્રીધીરૂભાઈ કાનેટીયા - મારૂતિ કોટેક્ષ - ભદ્રાવડી શ્રીભયલુભાઈ અમીન તથા અનેક રાજદ્વારીઓ ઉપસ્થિત રહી ઉત્સવની શોભામાં અભિવૃદ્ધિ કરી હતી.

Volume : 10 Issue : 305 Owner, Publishers, Printer & Editor : Prakashbhai R. Chaudhary, At: 5, Sarsavati Society, Nagalpur Highway Road, Mehsana- (N.G) 384002
Place Of Publication : 9, Ambica Complex, S.T. Work Shop Road Near Bhamriya Nala, Didtrict Mehsana • Printed at : GARVI TAKAT OFFSET-5, Ambika Complex, T.B. Road, Mehsana- 384002